સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 22

[MAY - 2023]
[28/05/23 to 03/06/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

ઓડિશાની અતિ દુઃખદ ટ્રેન અથડામણ ઘટનામાં પ્રભુ ચરણ પામેલા તમામ લોકોને ભાવભીની શ્રદ્ધાંજલી, પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અતિ દુઃખદ ઘડી સહન કરવાની શક્તિ આપે તેવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના

# Timeline

## 28 MAY-2023


- દિવસ મહિમા : 28 મે, વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day), વિશ્વ ડુગોંગ દિવસ (World Dongong Day), વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ ........ 02
- નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની આઠમી બેઠક ........ 03
- IRDAI વિઝન-2047 ........ 06
- QUESTION ANSWERS ........ 08


## 29 MAY-2023


- દિવસ મહિમા : 29 મે, આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ, વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ, આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ ........ 09
- ભારતના નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન ........ 10
- સુપ્રસિદ્ધ અમેરિકી સિંગર સુશ્રી ટીના ટર્નરનું નિધન ........ 17
- QUESTION ANSWERS ........ 18


## 30 MAY-2023


- નીતિ આયોગનું વાર્ષિક આરોગ્ય સૂચકાંક 2020-21 ........ 20
- નેવિગેશન સેટેલાઇટ NVS-01નું સફળ પ્રક્ષેપણ ........ 21
- IPL 2023માં ચેન્નાઇ સુપર કિંગ્સ ચેમ્પિયન ........ 25
- QUESTION ANSWERS ........ 30


## 31 MAY-2023


- દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day) ........ 33
- ભારતના નવા CVC તરીકે શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવની નિમણૂક ........ 33
- શેનઝોઉ-16 મિશન : ચીન ........ 35
- QUESTION ANSWERS ........ 36


## 01 JUNE-2023


- દિવસ મહિમા : 01 જૂન, વૈશ્વિક માતા-પિતા દિવસ, વિશ્વ દૂધ દિવસ (World Milk Day) ........ 37
- હંગર હોટસ્પોટ્સ : FAO-WFP તીવ્ર ખોરાકની અસુરક્ષા પર પ્રારંભિક ચેતવણીઓ ........ 37
- QUESTION ANSWERS ........ 40


## 02 JUNE-2023


- સબાંગ પોર્ટ (Sabang Port) પર શક્યતા અભ્યાસ ........ 41
- ઉત્તરપ્રદેશમાં ડિજિટલ કુંભ મ્યુઝિયમ બનાવવામાં આવશે ........ 42
- દિલ્હીના જૂના કિલ્લાનું ઉત્ખનન ........ 43
- QUESTION ANSWERS ........ 44


## 03 JUNE-2023


- દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day) ........ 45
- વિશ્વ સ્વાસ્થ્ય સભાનું 76મું સત્ર ........ 45
- અહલ્યાબાઈ હોલકરના નામ પર અહમદનગર જિલ્લાનું નામ રાખવામાં આવશે ........ 49
- QUESTION ANSWERS ........ 50

ONE LINER ........ 51

QUESTION OF THIS WEEK ........ 55


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 'ICE MAGIC' વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ગુજરાતના છેવાડાના નાનામાં નાના ગામમાં રહેતા વિદ્યાર્થી પણ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા માટે કરંટ અફેર્સની શ્રેષ્ઠ તૈયારી કરી શકે તે માટે ICE દ્વારા છેલ્લા 10 વર્ષથી 'ICE MAGIC' નામથી કરંટ અફેર્સનું 'Free Online Magazine' પ્રસિદ્ધ કરવામાં આવે છે. એટલું જ નહિ, આ મેગેઝિન વિદ્યાર્થી મિત્રોને વધુમાં વધુ ઉપયોગી થાય તે માટે બદલાતી જતી પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં રાખીને સમયે સમયે અમે તેને સતત અપડેટ પણ કરતા રહ્યા છીએ. અમારો હંમેશા એવો પ્રયાસ રહ્યો છે કે બદલાતા જતા વિવિધ સંજોગોમાં અમે વિદ્યાર્થી મિત્રોની આકાંક્ષા અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરી શકીએ. આ સંદર્ભે 'ICE MAGIC'ના તમામ વાચક મિત્રો પોતાના અનુભવો, અભિપ્રાયો અને મતંવ્યો અમને મોકલી શકે છે. આ માટે ખાસ કરીને નીચે આપેલી બાબતો અંગેના મંતવ્યો (Feedback) આપના શહેર અથવા તો ગામના નામ અને આપના ફોટોગ્રાફ સાથે નીચેના મોબાઈલ પર અમને 'Whats App' દ્વારા મોકલી શકો છો......

1. 'ICE MAGIC' તમને કેવું લાગ્યું ?
2. 'ICE MAGIC' તમને કેટલું ઉપયોગી થયું ?
3. 'ICE MAGIC' વાંચીને તમે કઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થયા છો ?
4. 'ICE MAGIC' ને વધારે ઉપયોગી કઈ રીતે બનાવી શકાય ?

અમે તમારો અભિપ્રાય 'ICE MAGIC'ના આગામી અંકોમાં આપના ફોટોગ્રાફ સાથે પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ કરીશું.

**Mo. 9737701110 (Only Whats App)**

## દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day)
## (2) વિશ્વ ડુગોંગ દિવસ (World Dongong Day)
## (3) વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ


### વિશ્વ ભૂખ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ભૂખ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ ભૂખ દિવસ એ 'The Hunger Project' નામના એક વૈશ્વિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- 'ધ હંગર પ્રોજેક્ટ' એ વૈશ્વિક સ્તરે ભૂખ માટે તર્ક સંગત ઉપાયો શોધવા માટે પ્રતિબદ્ધ વૈશ્વિક સંગઠન છે. આ સંગઠનની સ્થાપના વર્ષ 1977માં થઈ હતી.

### વિશ્વ ડુગોંગ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 28 મે ના રોજ 'વિશ્વ ડુગોંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ડુગોંગ એ વિશ્વનું એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી છે.
- તેને 'સમુદ્રી ગાય' (Sea Cow) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી, તેના સંરક્ષણ અંગે જાગૃત્તિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ

વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ (World Menstrual Hygiene Day) દર વર્ષે 28 મે ના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ સમગ્ર વિશ્વમાં સામાજિક કલંકને દૂર કરવા અને માસિક સ્ત્રાવની સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- માસિક સ્વચ્છતા દિવસ એ એક વૈશ્વિક અભિયાન છે જે વિશ્વભરની મહિલાઓ અને દિકરીઓ માટે માસિક સ્ત્રાવના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને વધુ સારી રીતે પ્રોત્સાહન આપવા માટે બિન–લાભાકારી સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, ખાનગી ક્ષેત્ર અને મીડિયાને સાથે લાવે છે.
- માસિક સ્વચ્છતા દિવસ અભિયાન જર્મન બિન–લાભાકારી સંસ્થા 'વોશ યુનાઈટેડ' દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2023ના 'વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ'ની થીમ 'Making Menstruation a normal fact of life by 2030' છે.

## નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની આઠમી બેઠક



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની 8મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

- આ બેઠક નવી દિલ્હીમાં ન્યુ કન્વેન્શન સેન્ટર, પ્રગતિ મેદાન ખાતે યોજાઈ હતી.
- તેમાં 19 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા મુખ્યમંત્રીઓ અને લેફ્ટનન્ટ ગવર્નરોએ હાજરી આપી હતી.

### બેઠકમાં વડાપ્રધાનશ્રીનું સંબોધન

આ બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાર મૂકયો હતો કે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ટીમ ઈન્ડિયા તરીકે કામ કરવું જોઈએ અને 2047@ વિકસીત ભારત માટે લોકોના સપના અને આકાંક્ષાઓને પૂર્ણ કરવી જોઈએ.

- તેમણે જણાવ્યું કે નીતિ આયોગ આગામી 25 વર્ષ માટે તેની વ્યૂહરચના વિકસાવવામાં અને તેને રાષ્ટ્રીય વિકાસ એજન્ડા સાથે સંરેખિત કરવામાં તથા રાજ્યોને મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આયોગ સાથે કામ કરવા વિનંતી કરવામાં આવી હતી. જેથી કરીને દેશ તેના 'અમૃત કાલ'ના વિઝનને પ્રાપ્ત કરવા તરફ આગળ વધે.
- બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષમાં 'શ્રી અન્ન' (અથવા શ્રી અન્ના)ને પ્રોત્સાહન આપવા રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સહકાર પર ભાર મૂકયો હતો.
- ભારતને 'શ્રી અન્ન' માટે વૈશ્વિક હબ બનાવવા માટે 'ભારતીય બાજરી સંશોધન સંસ્થાન'ને શ્રેષ્ઠતાના કેન્દ્ર તરીકે સમર્થન આપવામાં આવે છે.
- તેમણે 'અમૃત સરોવર' કાર્યક્રમ દ્વારા જળ સંરક્ષણ તરફ કામ કરવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરી હતી.

### થીમ

બેઠકની થીમ 'વિકસિત ભારત@ 2047 : ટીમ ઈન્ડિયાની ભૂમિકા' (Viksit Bharat@ 2047: Role of team India) હતી.

નોંધ : (1) નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલ એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સક્રીય ભાગીદારી સાથે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વ્યૂહરચનાઓની વહેંચાયેલ દૃષ્ટિ વિકસાવવા માટે એક વિશ્વસનીય નોડલ સંસ્થા છે.

(2) તે આંતર–પ્રાદેશિક, આંતર–વિભાગીય અને સંઘીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટેનું મંચ છે.

(3) નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલમાં ભારતના તમામ રાજ્યોના મુખ્યમંત્રી, વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રી તથા વિધાનસભા ન હોય તેવા કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલનો સમાવેશ થાય છે.

## નીતિ આયોગ

નીતિ આયોગમાં NITIનું પૂરૂં નામ 'National Institution for Transforming India' છે.

- 1 જાન્યુઆરી, 2015 થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.
- આયોજન પંચની રચના 15 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક (Statutory) સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રી મંડળના આદેશ દ્વારા નિર્મિત એક ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
- નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટૅંક' (Think Tank) છે.
- જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કાર્યો કરે છે.

## નીતિ આયોગનું માળખું

- અધ્યક્ષ : વડાપ્રધાન (હોદ્દાની રૂએ)
- ઉપાધ્યક્ષ : વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરવામાં આવશે
- CEO : નિશ્ચિત કાર્યકાળ માટે વડાપ્રધાન દ્વારા નિમણૂક, ભારત સરકારના સચિવ સમકક્ષ હોદો
- ગવર્નિંગ કાઉન્સિલ : તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો
- પ્રાદેશિક પરિષદ : વડાપ્રધાન અથવા તેમના દ્વારા નામાંકિત વ્યક્તિ ચોક્કસ પ્રાદેશિક મુદ્દાઓને સંબોધવા માટે મુખ્યમંત્રીઓ અને લેફ્ટ્નન્ટ ગવર્નરોની બેઠકની અધ્યક્ષતા કરે છે.
- એડ–હોક સભ્યપદ : અગ્રણી સંશોધન સંથાઓમાંથી રોટેશનલ પર 2 હોદ્દેદાર સભ્યો.
- પૂર્વ– અધિકારી સભ્યો : વડાપ્રધાન શ્રી દ્વારા નોમિનેટ કરાયેલ કેન્દ્રીય મંત્રીપરિષદના વધુમાં વધુ ચાર સભ્યો.
- ખાસ આમંત્રિત સભ્યો : વડાપ્રધાનશ્રી દ્વારા નામાંકિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો

## નીતિ આયોગના બે મુખ્ય કેન્દ્રો

- ટીમ ઈન્ડિયા હબ : રાજ્યો અને કેન્દ્ર વચ્ચે ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.
- નોલેજ અને ઈનોવેશન હબ : નીતિ આયોગની થિંક–ટૅંકની જેમ કામ કરે છે.

## નીતિ આયોગના ઉદ્દેશ્યો

- મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્રો બનાવે છે તથા દેશના વિકાસમાં રાજ્યનો ફાળો મહત્ત્વનો છે. આથી દેશના કોઈપણ નીતિગત કાર્યોમાં રાજ્યોની સક્રિય ભાગીદારી આવશ્યક છે. રાજ્યોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનું કાર્ય નીતિ આયોગ કરે છે. રાજ્યોની ભાગીદારી એ સહકારી સંઘવાદની ભાવનાને પરિપૂર્ણ કરે છે.
- ગ્રામ્ય સ્તરે યોજનાઓના અસરકારક અમલીકરણ માટે યોગ્ય પ્રક્રિયાઓનો વિકાસ કરવો અને તેનું મૂલ્યાંકન કરવું.
- સમાજના એવા વર્ગો પર વિશેષ ધ્યાન આપવું કે જેમને આર્થિક પ્રગતિનો પૂરતો લાભ મળતો નથી.
- મુખ્ય હિસ્સેદારો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય થિંક ટેન્ક જેમ કે શૈક્ષણિક અને નીતિ સંશોધન સંસ્થાઓ વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહિત કરવું.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, પેક્ટિશનરો અને અન્ય ભાગીદારો સાથે મળીને જ્ઞાન, નવીનતા અને સાહસિકતા સહાયક પ્રણાલીઓનું નિર્માણ કરવું.
- વિકાસ એજન્ડાના અમલીકરણને ઝડપી બનાવવા માટે આંતર–ક્ષેત્રિય અને આંતર–વિભાગીય મુદ્દાઓના નિરાકરણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવું.
- સરકાર દ્વારા બનાવવામાં આવતી કોઈપણ આર્થિક નીતિ કે અન્ય બાબતોમાં રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવી.

## નીતિ આયોગ અને આયોજન પંચ

| નીતિ આયોગ | આયોજન પંચ |
|---|---|
| (1) સ્થાપના : 1 જાન્યુઆરી, 2015 (આયોજન પંચના સ્થાને) | (1) સ્થાપના : 15 માર્ચ, 1950 |
| (2) તે સલાહકાર 'થિંક ટૅંક' તરીકે કામ કરે છે. | (2) તે બંધારણીય સંસ્થા તરીકે કામ કરતી હતી, જ્યારે તેને આવો દરજ્જો મળ્યો ન હતો. |
| (3) તે સભ્યોની વ્યાપક કુશળતા પર ભાર મુકે છે. | (3) તેની પાસે મર્યાદિત કુશળતા હતી. |
| (4) તે સહકારી સંઘવાદની ભાવના પર કામ કરે છે કારણ કે તે રાજ્યોની સમાન ભાગીદારીની ખાતરી કરે છે. | (4) તેની વાર્ષિક આયોજન બેઠકોમાં રાજ્યોની ભાગીદારી ઘણી ઓછી હતી. |
| (5) વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરાયેલા સચિવોને CEO તરીકે ઓળખવામાં આવે છે. | (5) સામાન્ય પ્રક્રિયા દ્વારા CEOની નિમણૂક કરવામાં આવતી હતી. |
| (6) તે બોટમ–અપ એપ્રોચ પર કામ કરે છે. | (6) તે ટોપ ડાઉન એપ્રોચ પર કામ કરે છે. |
| (7) તેની પાસે નીતિઓ લાગુ કરવાની સત્તા નથી | (7) તે રાજ્યો માટે નીતિઓ ઘડી અને મંજૂર પ્રોજેક્ટ માટે ભંડોળ ફાળવતું હતું. |
| (8) તેની પાસે નાણા ફાળવવાની સત્તા નથી, જે નાણામંત્રીમાં નિહિત છે. | (8) તેની પાસે મંત્રાલયો અને રાજ્ય સરકારોને ભંડોળ ફાળવવાની સત્તા હતી. |

**નોંધ:** (1) નીતિ આયોગના પ્રથમ CEO <u>શ્રી સિંધુ શ્રી ખુલ્લર</u> હતા. ત્યારબાદ <u>શ્રી અમિતાભ કાન્તે</u> CEO તરીકે 2016 થી 2022 સુધી સેવા આપી હતી.

(2) નીતિ આયોગના અધ્યક્ષ હોદાની રૂએ <u>વડાપ્રધાન</u> <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u> છે. તથા વર્તમાન <u>ઉપાધ્યક્ષ</u> <u>શ્રી સુમન બેરી</u> છે.

## IRDAI વિઝન-2047




તાજેતરમાં <u>ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)</u>એ એક વિઝન તરીકે <u>વર્ષ 2047</u> સુધીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના દરેક વીમાદાતાને ભારતમાં વીમા ક્ષેત્રને વિસ્તૃત કરવાની યોજનામાં સામેલ કર્યા છે.

- આ ઉપરાંત IRDAI <u>લાઈફ ઈન્સ્યોરન્સ કંપની</u>ઓ સાથે મળીને <u>ઈન્સ્યોરન્સ ટ્રિનિટી</u> શરૂ કરવાની યોજના પણ બનાવી રહી છે.

### IRDAI વિઝન 2047

તેનો ઉદ્દેશ્ય <u>વર્ષ 2047</u> સુધીમાં બધા માટે વીમો સુનિશ્ચિત કરવાનો છે જેથી દરેક નાગરિકને યોગ્ય જીવન, આરોગ્ય અને મિલકત વીમા કવચ મળે અને દરેક એન્ટરપ્રાઈઝને યોગ્ય વીમા ઉકેલ દ્વારા સમર્થન મળે.

- આ ઉપરાંત તેનો ઉદ્દેશ ભારતીય વીમા ક્ષેત્રને વૈશ્વિક સ્તરે આકર્ષક પણ બનાવવાનો છે.
- તેના સ્તંભો નીચે મુજબ છે :
  (1) વીમા ગ્રાહક (પોલીસીધારક)
  (2) વીમા પ્રદાતા (વીમા દાતા)
  (3) વીમા વિતરક (મધ્યસ્થી)
- IRDAI વિઝન 2047નો લક્ષ્ય વિસ્તાર નીચે મુજબ છે :
  (a) યોગ્ય ગ્રાહકોને યોગ્ય ઉત્પાદન પ્રદાન કરવા.
  (b) એક મજબૂત ફરિયાદ નિવારણ પદ્ધતિ બનાવવી.
  (c) વીમા ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતા.
  (d) સુનિશ્ચિત કરવું કે નિયમનકારી માળખું બજારની ગતિશીલતા સાથે સુસંગત છે.
  (e) નવીનતાને પ્રોત્સાહન આપવું.
  (f) ટેક્નોલોજીને મુખ્ય પ્રવાહમાં લાવીને સ્પર્ધા અને વિતરણ કાર્યક્ષમતા સાથે સિદ્ધાંતો આધારિત નિયમનકારી શાસન તરફ આગળ વધવું.

## મહત્ત્વ

- તે સમગ્ર દેશમાં લોકોને આરોગ્ય, જીવન, મિલકત અને અકસ્માતોને આવરી લેતી સસ્તું વીમા પોલીસી એક્સેસ કરવામાં મદદ કરશે.

નોંધ : ઈન્સ્યોરન્સ ટ્રિનિટીમાં વીમા પ્રવૃત્તિઓમાં પડતી મુશ્કેલીઓને હળવી કરવા માટે 'વીમા સુવિધા', 'વીમા વિસ્તરણ' અને 'વીમા વાહક'નો સમાવેશ થાય છે.

## ભારતમાં વીમા ક્ષેત્રની સ્થિતિ

આર્થિક સર્વેક્ષણ 2022-23 મુજબ દેશમાં જીવન વીમા ક્ષેત્ર 2001ના 11.1 અમેરિકન ડોલરથી વધીને 2021માં 91 અમેરિકન ડોલર થયું હતું.

- 2021માં કુલ વૈશ્વિક વીમા પ્રિમીયમ વાસ્તવિક દષ્ટિએ 3.4% વધ્યું છે, જેમાં બિન–જીવન વીમા ક્ષેત્ર 2.6% નોંધાયું છે.
- આર્થિક સર્વેક્ષણ 2022-23 મુજબ આગામી દાયકામાં ભારતનું વીમા બજાર વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એક તરીકે ઉભરી આવે તેવી શકયતા છે.
- IRDAI અનુસાર ભારતમાં વીમા પ્રવેશ વર્ષ 2019-20માં 3.76% થી વધીને વર્ષ 2020-21માં 4.20% થયો છે, જેમાં 11.70%નો વધારો નોંધાયો છે.
- આ ઉપરાંત વીમા ક્ષેત્ર વર્ષ 2020-21માં 78 અમેરિકન ડોલરથી વધીને વર્ષ 2021-22માં 91 અમેરિકન ડોલર થયું છે.
- 2021માં જીવન વીમા વિસ્તરણ 3.2% અંદાજવામાં આવ્યું હતું, જે ઊભરતા બજારો કરતા લગભગ બમણુ છે અને વૈશ્વિક સરેરાશ કરતા થોડું વધારે છે.
- ભારત હાલમાં વિશ્વનું સૌથી મોટું બજાર છે જે 2032 સુધીમાં છઠ્ઠુ સૌથી મોટું બજાર બનવાનો અંદાજ છે.

## IRDAI

IRDAIનું પૂરું નામ 'ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' છે.

- IRDAI એ એક નિયમનકારી સંસ્થા છે.
- જેની સ્થાપના વર્ષ 1999માં વીમા ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી.
- તે IRDAI એક્ટ, 1999 હેઠળ એક વૈધાનિક સંસ્થા છે અને નાણા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- તે વીમા સંબંધિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરીને વીમા ઉદ્યોગના વિકાસને નિયંત્રિત અને નિયમન કરે છે.
- IRDAI એક્ટ, 1999 અને વીમા અધિનિયમ, 1938માં સત્તાધિકારની સત્તાઓ અને કાર્યો નિર્ધારિત કરે છે.

**1.** ધ હંગર પ્રોજેક્ટ દ્વારા 'વિશ્વ ભૂખ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(C)**

**2.** 'વિશ્વ ડુગોંગ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્રી ગાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(C)**

**3.** 'વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે **(A)**

**4.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની કેટલામી બેઠકની અધ્યક્ષતા કરી હતી ?

(A) 5મી (B) 8મી (C) 10મી (D) 12મી **(B)**

**5.** NITI (National Institution for Transforming India) આયોગ વિશે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય નથી ?

1. 1 જાન્યુઆરી 2016થી આયોજન પંચના સ્થાને તેની શરૂઆત કરવામાં આવી હતી.
2. તે ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
3. તેના ઉપાધ્યક્ષ હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન હોય છે.
4. નીતિ આયોગના ઉપાધ્યક્ષ અને CEOની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત નિવેદન પરથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(A) ફક્ત 2 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 3 (D) ફક્ત 1 અને 3 **(A)**

**6.** તાજેતરમાં IRDAIએ એક વિઝન તરીકે કયા વર્ષ સુધીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના દરેક વીમાદાતાને ભારતમાં વીમા ક્ષેત્રને વિસ્તૃત કરવાની યોજનામાં સામેલ કર્યા છે ?

(A) 2042 (B) 2045 (C) 2047 (D) 2050 **(C)**

**દિવસ મહિમા : 29 મે, (1) આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ**
**(International Day of United Nations Peacekeepers)**
**(2) વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ**
**(World Digestive Health Day)**
**(3) આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ**
**(International Everest Day)**

## આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે શહીદ થયેલા સૈનિકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ શાંતિ મિશનની રચના 29 મે, 1948ના રોજ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની ઉજવણી માટે 29 મે ની પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ **'Peace begins with me'** છે.

## આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ



નેપાળ દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- નોંધનીય છે કે 31 મે, 1953ના રોજ ન્યૂઝીલેન્ડના એડમન્ડ હિલેરી અને તેમના તિબેટીયન માર્ગદર્શક તેનઝિંગ નોર્ગે દ્વારા માઉન્ટ એવરેસ્ટ પર પ્રથમ વખત ચઢાણ કરવામાં આવ્યું હતું.
- માઉન્ટ એવરેસ્ટ ડે નેપાળના પર્વતીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.
- માઉન્ટ એવરેસ્ટને તિબેટમાં 'ચોમોલુંગમ' અને નેપાળમાં 'સાગરમથા' તરીકે ઓળખવામાં આવે છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે, જેની ઊંચાઈ 8,848 મીટર છે.

**નોંધ:** (1) નેપાળ અને ચીને માઉન્ટ એવરેસ્ટની સુધારેલી ઊંચાઈ 8,848.86 મીટર જાહેર કરી છે, નવી ઊંચાઈ અગાઉના માપ કરતા 86 સેમી વધુ છે.

(2) 8,848.86 મીટરની આ નવી ઊંચાઈએ લાંબા સમયથી સંકળાયેલી 8,848 મીટરની ઊંચાઈને બદલી નાખી છે, જે વર્ષ 1954માં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા માપન મુજબ હતી.

(3) આ પર્વત નેપાળ અને તિબેટની સરહદ પર આવેલો છે અને શિખર પર બંને બાજુથી જોઈ શકાય છે.

(4) આ પર્વતનું નામ ભૂતપૂર્વ સર્વેયર જનરલ 'જ્યોર્જ એવરેસ્ટ'ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## ભારતના નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન



- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 28 મે, 2023ના રોજ વૈદિક મંત્રોચ્ચાર અને હવન તેમજ પૂજનવિધિ સાથે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું.
- તમિલનાડુના જુદા–જુદા મઠોમાંથી આવેલા અધીનમ સંતોએ હવનવિધિ કરાવી હતી.
- હવન બાદ અધીનમ સંતોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સેંગોલ (રાજદંડ) સોંપ્યા બાદ તેમણે સેંગોલને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા હતા અને સંતોના આશિર્વાદ લીધા હતા.
- ત્યારબાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેંગોલ સાથે નવા સંસદ ભવનમાં પ્રવેશ કર્યો હતો.
- આ સેંગોલને નવા સંસદ ભવનમાં લોકસભા અધ્યક્ષની ખુરશી નજીક જમણી બાજુ સ્થાપિત કરવામાં આવ્યું હતું.
- નવું સંસદ ભવન દેશભરમાંથી આવેલી વિવિધ વસ્તુંઓથી બનેલું છે.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 75 રૂપિયાનો સ્મારક સિક્કો પણ બહાર પાડયો હતો.
- આ ઉપરાંત નવા સંસદ ભવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેબિનેટ મંત્રીઓ તથા રાજ્યોના મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં સર્વધર્મ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે સંસદ ભવનના ઉદ્ઘાટન બાદ તેના નિર્માણમાં કામ કરનારા શ્રમિકોને પણ સન્માનિત કર્યા હતા.

## સેંગોલ (Sengol) શું છે ?



નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે સેંગોલને લોકસભામાં અધ્યક્ષની ખુરશી નજીક સ્થાપિત કરવામાં આવ્યું હતું.

- વાસ્તવમાં સેંગોલ શબ્દ તમિલ ભાષાના સેમ્મઈ શબ્દમાંથી જન્મેલો શબ્દ છે.
- જેનો અર્થ થાય છે ધર્મ, સચ્ચાઈ, નિષ્ઠા જે ભાવ અને નીતિપાલન સાથે સંકળાયેલો છે.
- તે ચોલ રાજવંશ સાથે સંકળાયેલું છે, જે દક્ષિણ ભારતમાં સૌથી લાંબો શાસક અને સૌથી પ્રભાવશાળી રાજવંશ હતો.
- એવું પણ કહેવાય છે કે સેંગોલ શબ્દ સંસ્કૃત 'સંકુ'માંથી બનેલો શબ્દ છે.
- સેંગોલનો સાર્વભૌમત્વના પ્રતીક તરીકે ઉપયોગ કરવામાં આવે છે.
- સોના કે ચાંદીમાંથી બનેલો આ રાજદંડ કિંમતી પથ્થરોથી શણગારવામાં આવે છે.
- સેંગોલ રાજદંડ શક્તિ અને અધિકારનું પ્રતીક હોય છે. તેનો ઉપયોગ રાજાઓનો અધિકાર દર્શાવવા માટે કરવામાં આવતો હતો.
- ચોલ વંશમાં ઉત્તરાધિકાર અને કાયદેસરતાના ચિહ્‌ન તરીકે સેંગોલ રાજદંડ એક રાજા પાસેથી બીજા રાજાને સોંપવાની પરંપરા હતી.
- આ સમારંભ સામાન્ય રીતે પૂજારી અથવા ગુરુ દ્વારા કરવામાં આવતો હતો.

## ભારતની આઝાદીના ભાગરૂપે સેંગોલ ?

1947માં બ્રિટિશ શાસનથી આઝાદી પહેલા તત્કાલીન વાઈસરોય લૉર્ડ માઉન્ટબેટને વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને એક પ્રશ્ન પૂછયો હતો : "બ્રિટિશ પાસેથી ભારતીય હાથમાં સત્તાના હસ્તાંતરણને ચિહ્નિત કરવા માટે કયા સમારોહનું પાલન કરવું જોઈએ ?"

- ત્યારબાદ શ્રી જવાહરલાલ નહેરુએ શ્રી સી. રાજગોપાલાચારીની સલાહ લીધી હતી.
- ત્યારબાદ શ્રી સી. રાજગોપાલાચારી (રાજાજી)એ સૂચવ્યું કે સેંગોલ રાજદંડ સોંપવાના ચોલ વંશ મોડલને ભારતની આઝાદી માટે એક યોગ્ય સમારોહ તરીકે અપનાવી શકાય.
- તેમણે જણાવ્યું કે ભારતની પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિ તેમજ વિવિધતામાં એકતાને પ્રતિબિંબિત કરશે.
- સેંગોલ રાજદંડ 14 ઓગસ્ટ, 1947ના રોજ તિરુવદુથુરાઈ અધીનમ (500 વર્ષ જૂનો શૈવ મઠ) દ્વારા તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને અર્પણ કરવામાં આવ્યો હતો.

- મદ્રાસ (હાલ ચેન્નાઈ)ના પ્રખ્યાત ઝવેરી વુમ્મિડી બંગારુ ચેટ્ટી દ્વારા એક સુવર્ણ રાજદંડ બનાવવામાં આવ્યો હતો.
- વિશેષરૂપે તેના મથાળે નંદીનું પ્રતીક છે, જે ન્યાય અને નિષ્પક્ષતાને દર્શાવે છે.

## સેંગોલ અત્યારે ક્યાં છે અને તેને નવા સંસદ ભવનમાં શા માટે સ્થાપિત કરવામાં આવી રહ્યું છે ?

1947માં સેંગોલ રાજદંડ પ્રાપ્ત કર્યા પછી શ્રી જવાહરલાલ નહેરુએ તેને થોડા સમય માટે દિલ્હીમાં તેમના નિવાસ સ્થાને રાખ્યો હતો.

- આ પછી તેમણે પોતાનું પૈતૃક ઘર આનંદ ભવન મ્યુઝિયમ અલાહાબાદ (હાલ પ્રયાગરાજ)ને દાનમાં આપવાનું નક્કી કર્યુ હતું.
- આ સંગ્રહાલયની સ્થાપના તેમના પિતા શ્રી મોતીલાલ નહેરુ દ્વારા વર્ષ 1930માં ભારતની સ્વતંત્રતા ચળવળના ઈતિહાસ અને વારસાને જાળવવા માટે કરવામાં આવી હતી.
- સેંગોલ રાજદંડ આનંદ ભવન મ્યુઝિયમમાં સાત દાયકાથી વધુ સમય સુધી રહ્યો હતો.
- વર્ષ 2021-22માં જ્યારે સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો ત્યારે સરકારે આ ઐતિહાસિક ઘટનાને પુનર્જીવિત કરવાનો અને નવા સંસદ ભવનમાં સેંગોલ રાજદંડ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો.
- નવા સંસદભવનમાં સેંગોલની સ્થાપના એ માત્ર પ્રતીકાત્મક પ્રતીક જ નથી પરંતુ એક અર્થપૂર્ણ સંદેશ પણ છે.
- તે દર્શાવે છે કે ભારતની લોકશાહી તેની પ્રાચીન પરંપરાઓ અને માન્યતાઓમાં સમાયેલી છે. અને તે સર્વસમાવેશક છે અને તેની વિવિધતા અને બહુમતીનો આદર કરે છે.

## ભારતનું નવું સંસદ ભવન

કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત નવા સંસદ ભવનનું ભૂમિપૂજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 10 ડિસેમ્બર, 2020ના રોજ કરવામાં આવ્યું હતું.



- નવું સંસદભવન ત્રિકોણ આકારમાં નિર્માણ પામ્યું છે.
- આ ઈમારત કુલ 971 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયું છે.
- નવા સંસદ ભવનની ડિઝાઈન અમદાવાદના HCP મેનેજમેન્ટે તૈયાર કરી છે તેમજ ભવન નિર્માણનો કોન્ટ્રાક્ટ ટાટા પ્રોજેક્ટને અપાયો હતો.

## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત નવા સંસદ ભવનનું નિર્માણ

સંસદ ભવનના નિર્માણ માટે સેન્ટ્રલ વિસ્ટા રિ–ડેવલપમેન્ટ પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો.

- જે અંતર્ગત નવા સંસદ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- નવા સંસદ ભવનની ઈમારત કુલ 64,500 ચોરસ મીટરમાં ફેલાયેલી છે.
- તેના નિર્માણમાં કુલ 66,000 કામદારોએ મદદ કરી છે. ઉદ્દઘાટન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ તમામ કામદારોનું પણ સન્માન કર્યુ હતું.
- ગુજરાતની આર્કિટેક કંપની **HCP** દ્વારા નવા સંસદ ભવનને ડિઝાઈન કરવામાં આવ્યું છે. ચીફ આર્કિટેક શ્રી બિમલ પટેલે તેની ડિઝાઈન તૈયાર કરી છે.
- નવા સંસદ ભવનના નિર્માણમાં કયાંથી કયું મટીરિયલ્સ લાવવામાં આવ્યું તે નીચે મુજબ છે :

➤ નવી સંસદને ભવ્ય દેખાવ આપવા માટે નોઈડાથી પથ્થરની જાળી લાવવામાં આવી છે.

➤ આ ઉપરાંત રાજસ્થાનના રાજનગરમાંથી પણ જાળી મંગાવવામાં આવી હતી.

➤ હરિયાણા અને ઉત્તરપ્રદેશથી ફલાય એશ ઈંટોની આયાત કરવામાં આવી હતી.

➤ નવા સંસદ ભવન માટે કાર્પેટ ઉત્તરપ્રદેશના મિર્ઝાપુરથી મંગાવવામાં આવ્યા હતા.

➤ સંસદ ભવનના નિર્માણમાં ઉપયોગમાં લેવાયેલું સાગનું લાકડું મહારાષ્ટ્રના નાગપુરથી લાવવામાં આવ્યું હતું.

➤ નવા સંસદ ભવનમાં મોટાભાગનું ફર્નિચર સાગના લાકડાનું બનેલું છે. તેને મુંબઈમાં તૈયાર કરવામાં આવ્યું છે.

➤ આ સાથે કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવથી 'ફાલ્સ સીલિંગ' માટેનું સ્ટીલનું માળખું આયાત કરવામાં આવ્યું હતું.

➤ અશોક ચિહ્ન માટેની સામગ્રી મહારાષ્ટ્રના ઓરંગાબાદ અને રાજસ્થાનના જયપુરમાંથી લાવવામાં આવી હતી. આ અશોક ચિહ્નને સંસદના બંને ગૃહોમાં આસાનની બરાબર ઉપર મુકવામાં આવ્યા છે.

➤ રાજસ્થાનમાં અજમેર નજીકના લાખાથી લાલ ગ્રેનાઈટ અને સફેદ આરસપાણ અંબાજીથી મંગાવવામાં આવ્યા હતા.

➤ તથા ઉદયપુરથી ગ્રીન સ્ટોન લાવવામાં આવ્યો હતો. પથ્થરની કોતરણીનું કામ આબુ રોડ અને ઉદયપુરના શિલ્પકારો દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.

➤ હરિયાણાના ચરખી દાદરી ખાતે ઉત્પાદિત રેતી અથવા 'એમ–રેતી'નો ઉપયોગ સંસદની નવી ઈમારતમાં બાંધકામ પ્રવૃત્તિઓ માટે નક્કર મિશ્રણ બનાવવા માટે કરવામાં આવ્યો હતો. 'એમ–રેતી' એ એક પ્રકારની કૃત્રિમ રેતી છે.

- નવું સંસદ ભવન ચાર માળનું છે. તથા 64,500 ચોરસ મીટરનો બિલ્ટ–અપ વિસ્તાર ધરાવે છે.
- તેમાં એક ભવ્ય બંધારણ હોલ, લાઈબ્રેરી, કમિટી રૂમ, ઓફિસ અને અન્ય સુવિધાઓ પણ છે.
- નવા સંસદ ભવનના છ દરવાજા પર પ્રાચીન શિલ્પોથી પ્રેરિત પ્રતિમાઓ કેન્દ્ર સ્થાને છે.
- દરેક દરવાજો અનન્ય પ્રેરણાઓ દર્શાવે છે જે વિસ્મય અને પ્રશંસાની ભાવના જગાડે છે.
- આ પ્રવેશદ્વારમાંનો એક 'ગજદ્વાર' કર્ણાટકના બનેવાસીમાં 9મી સદીના મધુકેશ્વર મંદિરમાં મૂર્તિઓને શ્રદ્ધાંજલિ આપતા પથ્થરના હાથીઓની વિશેષતા ધરાવે છે.
- અશ્વદ્વારના પ્રવેશદ્વારને સુશોભિત કરતી ઘોડાની મૂર્તિઓ છે, જે 13મી સદીના ઓડિશાના સૂર્ય મંદિરના શિલ્પોની યાદ અપાવે છે.
- જ્યારે શાર્દુલા, હમસા અને મકરા દ્વાર ભારતના વિવિધ પ્રદેશોમાંથી પ્રસિદ્ધ શિલ્પોમાંથી પ્રેરિત પ્રતિમાઓનું પ્રદર્શન કરે છે.
- ગરુડદ્વાર અંતિમ પ્રવેશ દ્વાર છે. જે ભગવાન વિષ્ણુના પર્વત (વાહન)ની મૂર્તિઓ ધરાવે છે.

## નવા સંસદ ભવનમાં બેઠકો



નવા સંસદ ભવનમાં 888 લોકસભાના સાંસદો બેસી શકે તેવી ક્ષમતા છે.

- તથા રાજ્યસભા માટે 384 બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે.
- તથા સંયુક્ત સત્ર દરમિયાન તેમાં 1272 જેટલા સાંસદને હોલમાં સમાવી શકે તેવી ક્ષમતા છે.

**નોંધ:** (1) આકાશ અને જમીન બંને પરથી સંસદ ભવનની 24 કલાક સુરક્ષા કરાશે. તે માટે ખાસ પ્રકારના ઉપકરણો લગાડવામાં આવ્યા છે.

(2) સુરક્ષા સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું કે નવા સંસદ ભવનની સુરક્ષા માટે એન્ટિ–ડ્રોન અને એન્ટિ–મિસાઈલ સિસ્ટમ લગાડવામાં આવી છે.

(3) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 જુલાઈ, 2022ના રોજ નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભનું અનાવરણ કર્યુ હતું.

(4) આ રાષ્ટ્રીય પ્રતીક બ્રોન્ઝથી બનેલું છે અને તેનું કુલ વજન 9,500 કિગ્રા છે. તથા તેની ઊંચાઈ 6.5 મીટર છે.

## શા માટે નવું સંસદ ભવન ?

હાલનું સંસદ ભવન સદી જૂનુ હોવાથી તેમાં મરામતની તીવ્ર આવશ્યક્તા છે.

- વળી, સંસદ એની મહત્તમ બેઠક વ્યવસ્થા સુધી પહોંચી ચૂક્યું છે.
- વધતી વસતીને ધ્યાનમાં રાખીને બેઠક સંખ્યા વધારવી હોય તો નવું સંસદ ભવન બનાવવું અનિવાર્ય હતું.
- જૂની વ્યવસ્થા હોવાથી ઓફિસ સ્પેસ જૂના સંસદભવનમાં મર્યાદિત છે.
- સંસદ અને વિવિધ મંત્રાલય સંબંધિત કેટલીય કચેરીઓ દિલ્હીમાં અલગ અલગ વિસ્તારોમાં આવેલી છે, આથી દરેક મંત્રાલયની દરેક કચેરી અહીં જ હોય તેવી પ્રાથમિકતા આપવામાં આવી છે.

## સેન્ટ્રલ વિસ્ટા શું છે ?

વર્ષ 1911માં બ્રિટિશ આર્કિટેક એડ્વીન લ્યૂટેન્સે ડિઝાઈન કરેલું નવી દિલ્હી અસ્તિત્વમાં આવ્યું એ પછી 1921-27 દરમિયાન હાલના સંસદ ભવનની ઈમારતનું નિર્માણકાર્ય થયું હતું.

- ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન સુધીના વિસ્તારને નવનિર્માણ માટે પસંદ કરાયો હતો જેને સેન્ટ્રલ વિસ્ટા નામ અપાયું હતું, ત્યારથી નવી દિલ્હીનો આ વિસ્તાર આ નામે જ ઓળખાય છે.
- એટલે કે દિલ્હીમાં જે વિસ્તારમાં રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, નોર્થ બ્લોક, સાઉથ બ્લોક, ઈન્ડિયા ગેટ અને અન્ય નેશનલ આર્કઈવ્સ આવેલા છે તે સામૂહિક રીતે સેન્ટ્રલ વિસ્ટા તરીકે ઓળખાય છે.

## જૂનું સંસદ ભવન



બ્રિટિશ શાસનકાળ દરમિયાન 12 ફેબ્રુઆરી, 1921ના રોજ તેનો પાયો નખાયો હતો.

- જૂના સંસદ ભવનની ડિઝાઈન એડ્વીન લ્યુટેન્સ તથા હર્બટ બેકર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- તે સમયે ભારત માટે નવા વહીવટી રાજધાની શહેરનું નિર્માણ કરવાના તેમના વ્યાપક આદેશના ભાગરૂપે તેની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 1927માં આ સંસદ ભવન બનીને તૈયાર થયું હતું.
- તેનું ઉદ્‌ઘાટન 18 જાન્યુઆરી, 1927ના રોજ તત્કાલીન વાઈસરોય લોર્ડ ઈરવિન દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સંસદ ભવન 83 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું.

## 75 રૂપિયાના સ્મારક સિક્કાનું અનાવરણ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવા સંસદ ભવનના ઉદ્દઘાટન પ્રસંગે એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં રૂ. 75 મૂલ્યના સ્મારક સિક્કાનું અનાવરણ કર્યુ હતું.

- 1960ના દાયકાથી ભારત દ્વારા વિવિધ હેતુઓ માટે સ્મારક સિક્કા જારી કરવામાં આવે છે, જેમ કે નોંધપાત્ર વ્યક્તિઓનું સન્માન કરવું, સરકારી યોજનાઓ વિશે જાગૃતિ લાવવા અથવા મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓની યાદમાં.
- 75 રૂપિયાના આ નવા સિક્કાની સાઈઝ 49 MMના વ્યાસ સાથે ગોળાકાર છે.
- 75 રૂપિયાનો નવો સ્મારક સિક્કો એક અનોખા ક્વાટર્નરી એલોયથી બનેલો છે.
- તેમાં 50% ચાંદી, 40% તાંબુ, 5% નિકલ અને 5% જસત હોય છે.
- ધાતુઓનું મિશ્રણ ટકાઉપણું અને આયુષ્ય સુનિશ્ચિત કરે છે.
- સિક્કાની પાછળની બાજુ મધ્યમાં અશોક સ્તંભનું ચિત્રણ કરવામાં આવ્યું છે. તેની નીચે સત્યમેવ જયતે લખેલું છે.
- ડાબી બાજુએ 'ભારત' શબ્દ દેવનાગરી લિપિમાં લખાયેલો છે, જ્યારે જમણી બાજુએ અંગ્રેજીમાં 'ઈન્ડિયા' શબ્દ કોતરેલ છે.
- સિક્કાની બીજી બાજુ નવા સંસદ ભવનનું મનમોહક ચિત્ર દર્શાવ્યું છે, જે દેશની લોકશાહી ભાવનાને પ્રતિબિંબિત કરે છે, ઉપલા પરિઘ પર 'સંસદ સંકુલ' દેવનાગરી લીપીમાં લખાયેલું છે.
- આ સ્મારક સિક્કો સિક્યોરિટીઝ પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SPMCIL)ની વેબસાઈટ પરથી મેળવી શકાય છે.

નોંધ: (1) સિક્કા અધિનિયમ, 2011 દ્વારા આપવામાં આવેલી સત્તા હેઠળ કેન્દ્ર સરકાર પાસે વિવિધ સંપ્રદાયોના સિક્કા ડિઝાઈન અને મિન્ટ કરવાની સત્તા છે.

(2) RBI આ સિક્કાઓના વિતરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તે સુનિશ્ચિત કરે છે કે તે લોકો સુધી પહોંચે.

(3) તમામ સિક્કાઓ મુંબઈ, હૈદરાબાદ, કોલકાતા અને નોઈડામાં આવેલી સરકારી ટંકશાળમાં બનાવવામાં આવે છે.

(4) ભારતમાં પ્રથમ સ્મારક સિક્કો વર્ષ 1964માં શ્રી જવાહરલાલ નહેરુના નિધન બાદ તેમને શ્રદ્ધાંજલી તરીકે બહાર પાડવામાં આવ્યો હતો.

## સુપ્રસિદ્ધ અમેરિકી સિંગર સુશ્રી ટીના ટર્નરનું નિધન

ક્વીન ઓફ રોક 'એન' રોલ તરીકે જાણીતા સિંગર સુશ્રી ટીના ટર્નર (Tina Turner)નું 83 વર્ષની વયે નિધન થયું છે.

### સુશ્રી ટીના ટર્નર



સુશ્રી ટીના ટર્નરનો જન્મ 26 નવેમ્બર, 1939ના રોજ અમેરિકાના બ્રાઉન્સવિલે, ટેનેસીમાં થયો હતો.

- તેઓ પ્રસિદ્ધ અમેરિકન ગાયિકા, ગીતકાર અને અભિનેત્રી હતા.
- સુશ્રી ટીના ટર્નરે 1960ના દાયકામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેમણે 1960 અને 1970ના દાયકામાં તેના ભૂતપૂર્વ પતિ શ્રી આઈ કે ટર્નરની સાથે સંગીતની જોડી આઈકે એન્ડ ટીના ટર્નરના ભાગરૂપે પ્રસિદ્ધિ મળી હતી.
- તેણીની ગાયન પ્રતિભા અને સ્ટેજ પરની વ્યક્તિત્વ શૈલીમાં આફ્રિકન–અમેરિકન મહિલાઓની મુખ્ય ભૂમિકાને પ્રકાશિત કરે છે.
- તેઓ ક્વીન ઓફ રોક 'એન' રોલ તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમને અસંખ્ય પુરસ્કારો અને સન્માનો મળ્યા છે, જેમાં ગ્રેમી એવોર્ડ્સ, રોક એન્ડ રોલ હોલ ઓફ ફેમમાં સમાવેશ, કેનેડી સેન્ટર ઓનર્સ અને હોલીવુડ વોક ઓફ ફેમ પર સ્ટારનો સમાવેશ થાય છે.



1. 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(D)**

2. વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ શું છે ?
(A) Man in Peacekeeping-A key to Peace
(B) Youth in Peacekeeping - A key to peace
(C) People, Peace, Progress, The Power of Partnerships
(D) Peace begins with me **(D)**

3. 'વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે **(B)**

4. 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા તો 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 28 મે (B) 29 મે (C) 30 મે (D) 31 મે **(B)**

5. તાજેતરમાં ભારતના નવા સંસદ ભવનના ઉદ્દઘાટન પ્રસંગે 'સેંગોલ' (Sengol)ને લોકસભાના અધ્યક્ષની ખૂરશી નજીક સ્થાપિત કરવામાં આવ્યું હતું. આ 'સેંગોલ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. વાસ્તવમાં સેંગોલ શબ્દ તમિલ ભાષાના સેમ્મઈ શબ્દમાંથી જન્મેલો શબ્દ છે.
2. જેનો અર્થ થાય છે ધર્મ, સચ્ચાઈ, નિષ્ઠા જે ભાવ અને નીતિપાલન સાથે સંકળાયેલો છે.
3. તે ચોલ રાજવંશ સાથે સંકળાયેલું છે.
4. સેંગોલ રાજદંડ શક્તિ અને અધિકારનું પ્રતીક હોય છે. તેનો ઉપયોગ રાજાઓનો અધિકાર દર્શાવવા માટે કરવામાં આવતો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

6. ભારતના નવા સંસદ ભવનનો આકાર કેવો છે ?
(A) ત્રિકોણ (B) ચોરસ (C) લંબચોરસ (D) પંચકોણ **(A)**

**7.** નવા સંસદ ભવન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) નવા સંસદ ભવનના નિર્માણ માટે સેન્ટ્રલ વિસ્ટા રિ–ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

(B) ગુજરાતની આર્કિટેક કંપની HCP દ્વારા નવા સંસદ ભવનને ડિઝાઈન કરવામાં આવ્યું છે. ચીફ આર્કિટેક શ્રી બિમલ પટેલે તેની ડિઝાઈન તૈયાર કરી છે.

(C) સંસદ ભવનના નિર્માણમાં ઉપયોગમાં લેવાયેલું સાગનું લાકડું મહારાષ્ટ્રના નાગપુરથી લાવવામાં આવ્યું હતું.

(D) ઉપરોક્ત તમામ સાચા

**(D)**

---

**8.** ભારતના નવા સંસદ ભવનમાં લોકસભાની અંદર સાંસદોની બેઠક ક્ષમતા કેટલી છે ?

(A) 888 (B) 788 (C) 688 (D) 588

**(A)**

---

**8.** ભારતના નવા સંસદ ભવનમાં રાજ્યસભાની અંદર સાંસદોની બેઠક ક્ષમતા કેટલી છે ?

(A) 250 (B) 551 (C) 384 (D) 284

**(C)**



## નીતિ આયોગનું વાર્ષિક આરોગ્ય સૂચકાંક 2020-21

તાજેતરમાં નીતિ આયોગ દ્વારા વાર્ષિક આરોગ્ય સૂચકાંક 2020-21 (Annual health Index 2020-21) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

- 2020-21ના કોવિડ સમયગાળા માટે નીતિ આયોગના વાર્ષિક હેલ્થ ઈન્ડેક્સમાં મોટા રાજ્યોમાં કેરળ, તમિલનાડુ અને તેલંગાણા ટોચના પર્ફોમર તરીકે ઉભરી આવ્યા છે.

### ઈન્ડેક્સના મુખ્ય મુદ્દાઓ

### એકંદર કામગીરીના આધારે

#### મોટા રાજ્યો

19 મોટા રાજ્યો પૈકી કેરળ, તમિલનાડુ અને તેલંગાણાએ એકંદર પ્રદર્શનના સંદર્ભમાં અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે.

- આ યાદીમાં બિહાર (19), ઉત્તરપ્રદેશ (18) અને મધ્યપ્રદેશ (17)માં સ્થાને હતું.

#### નાના રાજ્યો

આઠ નાના રાજ્યોમાં ત્રિપુરાએ સર્વશ્રેષ્ઠ એકંદર પ્રદર્શન નોંધ્યું છે.

- ત્યારબાદ સિક્કિમ અને ગોવા આવે છે.
- જ્યારે આ યાદીમાં અરુણાચલ પ્રદેશ (છઠ્ઠુ), નાગાલેન્ડ (7મું) અને મણિપુર (8મું) છે.

#### કેન્દ્રશાસિત પ્રદેશ

આઠ કેન્દ્રશાસિત પ્રદેશમાં લક્ષદ્વીપને એકંદર પ્રદર્શનની દષ્ટિએ ટોચના પર્ફોમર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

- જ્યારે દિલ્હીને છેલ્લું સ્થાન આપવામાં આવ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વધારાની કામગીરીના આધારે

- રાજસ્થાન, ઉત્તરાખંડ અને ઓડિશા વર્ષ 2019-20ના તેમના પ્રદર્શનની સરખામણીમાં વર્ષ 2020-21માં ટોચના ત્રણ પર્ફોમર તરીકે ઉભરી આવ્યા છે.

**નોંધ:** (1) વાર્ષિક આરોગ્ય સૂચકાંક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કામગીરીને માપે છે, જેમાં 24 આરોગ્ય કામગીરીનો સમાવેશ થાય છે.

(2) તે 2017માં નીતિ આયોગ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

(3) નીતિ આયોગ કેન્દ્ર આરોગ્ય મંત્રાલય અને વિશ્વ બેંકના સહયોગથી ઈન્ડેક્સ પ્રકાશિત કરે છે.

## નેવિગેશન સેટેલાઇટ NVS-01નું સફળ પ્રક્ષેપણ



તાજેતરમાં ISRO દ્વારા દેશના મહત્વાકાંક્ષી નેવિગેશન સેટેલાઈટ NVS-01નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું.

- GSLV-F12 રોકેટ વડે ઉપગ્રહને નિયત ભ્રમણકક્ષામાં તરતો મૂકવામાં આવ્યો હતો.
- GSLV-F12ને આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.
- GSLV-F12 એ ભારતના જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV)ની 15મી અને સ્વદેશી Cyro Stage સાથેની 9મી ઉડાન છે. તથા સ્વદેશી ક્રાયોજેનિક સ્ટેજ સાથે GSLVની આ છઠ્ઠી ઓપરેશનલ ઉડાન છે.
- આ સફળતાપૂર્વક પ્રક્ષેપણથી આપણી Navic નેવિગેશન સિસ્ટમ વધુ મજબૂત બનશે.

### NVS-01

આ ઉપગ્રહ ISROના નેવિગેશનલ સેટેલાઈટ (NVS) શ્રેણીના પેલોડ્સની બીજી પેઢીના ઉપગ્રહોમાંનો પ્રથમ છે.

- તેનું વજન 2,232 કિગ્રા છે, જે તેને નક્ષત્રમાં સૌથી ભારે બનાવે છે.
- L1, L5 અને S બેન્ડ NVS-01 નેવિગેશન પેલોડ સાથે મોકલવામાં આવ્યા હતા.
- તેનો હેતુ NavICને સેવાઓની સાતત્ય પ્રદાન કરવાનો છે.

- જે GPS જેવી ભારતીય પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે અને તે ભારતીય ઉપખંડના 1500 કિમી ક્ષેત્ર સુધી સચોટ અને રીઅલ–ટાઈમ નેવિગેશનની સુવિધા આપે છે.

નોંધ : પ્રથમ પેઢીના ભારતીય પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (IRNSS)માં સાત ઉપગ્રહોનો સમાવેશ થાય છે જેને કાર્યરત રીતે Navic નામ આપવામાં આવ્યું છે. તેમનું વજન ઘણું ઓછું છે, લગભગ 1,425 કિગ્રા.

## પરમાણુ ઘડિયાળ (Atomic Clock)

આ ઉપગ્રહમાં રુબિડિયમ પરમાણુ ઘડિયાળ (Rubidium Atomic Clock) સ્થાપિત કરવામાં આવી છે, જે ભારત દ્વારા વિકસિત એક મહત્વપૂર્ણ ટેક્નોલોજી છે.

- નેવિગેશન નક્ષત્રમાં હાલના કેટલાક ઉપગ્રહોએ નિષ્ફળ અણુ ઘડિયાળોને કારણે ચોક્કસ સ્થાન ડેટા પ્રદાન કરવાની તેમની ક્ષમતા ગુમાવી દીધી છે.
- સેટેલાઈટ–આધારિત પોઝિશનિંગ સિસ્ટમ ઓબ્જેક્ટ સ્થાનો નક્કી કરવા માટે અણુ ઘડિયાળોમાંથી ચોક્કસ સમય માપન પર આધાર રાખે છે.
- જ્યારે ઘડિયાળો નિષ્ફળ જાય છે, ત્યારે ઉપગ્રહો ચોક્કસ સ્થાનની માહિતી આપી શકતા નથી.

## L1 આવર્તન

તે હાલના ઉપગ્રહો દ્વારા પૂરા પાડવામાં આવેલ L5 અને S ફ્રિકવન્સી સિગ્નલો ઉપરાંત ત્રીજી આવર્તન L1 સિગ્નલ પણ પ્રસારિત કરશે, અન્ય સેટેલાઈટ આધારિત નેવિગેશન સિસ્ટમ સાથે આંતરસંચાલન ક્ષમતાને વધુ વધારશે.

- L1 આવર્તન એ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS)માં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ફ્રિકવન્સીઝ પૈકીની એક છે.
- તે વ્યક્તિગત ટ્રેકર્સમાં પ્રાદેશિક નેવિગેશન સિસ્ટમના ઉપયોગને વધારશે જે પહેરવા યોગ્ય ઉપકરણોમાં સિંગલ–ફ્રિકવન્સી ચિપ્સનો ઉપયોગ કરે છે.

## લાંબી મિશન લાઈફ

તેની મિશન લાઈફ 12 વર્ષથી વધુ હશે, જ્યારે હાલના ઉપગ્રહોની મિશન લાઈફ 10 વર્ષ છે.

## Navic વિશે



Navic અથવા IRNSS એ 7 ઉપગ્રહોના નક્ષત્ર અને 24×7 કાર્યરત ગ્રાઉન્ડ સ્ટેશનના નેટવર્ક સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

- તેની પાસે કુલ 8 ઉપગ્રહો છે પરંતુ હાલમાં માત્ર સાત જ સક્રિય છે.
- જીઓસ્ટેશનરી ભ્રમણકક્ષામાં ત્રણ ઉપગ્રહો અને જીઓસિંક્રોનસ ભ્રમણકક્ષામાં ચાર ઉપગ્રહો છે.
- નક્ષત્રનો પ્રથમ ઉપગ્રહ (IRNSS-1A) 1 જુલાઈ, 2013ના રોજ લૉન્ચ કરવામાં આવ્યો હતો અને આઠમો ઉપગ્રહ IRNSS-1I એપ્રિલ 2018માં લૉન્ચ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2016માં નક્ષત્રના સાતમાં ઉપગ્રહ (IRNSS-G)ના પ્રક્ષેપણ સાથે ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા IRNSSને Navic નામ આપવામાં આવ્યું હતું.
- તેને ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) દ્વારા વર્ષ 2020માં હિંદ મહાસાગર ક્ષેત્રમાં કામગીરી માટે વર્લ્ડ–વાઈડ રેડિયો નેવિગેશન સિસ્ટમ (WWRNS)ના ભાગરૂપે માન્યતા આપવામાં આવી હતી.

## ચાર વૈશ્વિક GNSS સિસ્ટમ

વૈશ્વિક સ્તરે સેવા આપનાર ચાર GNSS સિસ્ટમ (Global Navigation Sattelite System)ના નામ આ પ્રમાણે છે :

### વૈશ્વિક GNSS સિસ્ટમ

| ક્રમ | દેશ | નામ |
|---|---|---|
| 1 | અમેરિકા | GPS |
| 2 | રશિયા | GLONASS |
| 3 | યુરોપિયન યુનિયન | GALILEO |
| 4 | ચીન | BeiDou |

## બે ક્ષેત્રિય નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ

ઉપરોક્ત ચાર વૈશ્વિક GNSS સિસ્ટમ ઉપરાંત જાપાન અને ભારત પાસે પણ પોતાની ક્ષેત્રિય નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે.

- જેમાં જાપાનની NSS સિસ્ટમ QZSS તરીકે ઓળખાય છે.
- જ્યારે ભારતની NSS સિસ્ટમ IRNSS અથવા NAVIC તરીકે ઓળખાય છે.

નોંધ: (1) IRNSSનું પૂરું નામ 'Indian Regional Navigation Satellite System' છે.

(2) Navicનું પૂરું નામ 'Navigation with Indian Constellation' છે.

(3) નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (NSS)નો ઉપયોગ ઉપગ્રહની મદદથી પૃથ્વી પરની કોઈ વસ્તુનું લોકેશન જાણવા માટે તથા પૃથ્વી પરની કોઈ હિલચાલ પર નજર રાખવા માટે થાય છે.

## પ્રાદેશિક નેવિગેશન સિસ્ટમના ફાયદા અને મહત્ત્વ

Navic, ISRO દ્વારા વિકસિત ભારતની પોતાની પ્રાદેશિક નેવિગેશન સિસ્ટમ છે.

- તે સમગ્ર ભારતીય પ્રદેશને આવરી લે છે અને લગભગ 1500 કિમી સુધી વિસ્તરે છે.
- Navicનો પ્રાથમિક હેતુ આ ચોક્કસ ક્ષેત્રમાં વપરાશકર્તાઓની સ્થિતિ અને નેવિગેશન જરૂરિયાતોને પહોંચી વળવાનો છે.
- ISRO જાપાન, ફ્રાન્સ અને રશિયા જેવા દેશોમાં ગ્રાઉન્ડ સ્ટેશન સ્થાપવા પર કામ કરી રહ્યું છે. આ વધારાના ગ્રાઉન્ડ સ્ટેશનો સુધારેલ ત્રિકોણ દ્વારા નેવિગેટર સિગ્નલોની ચોકસાઈ અને કવરેજ વધારશે.
- Navic સિગ્નલો 90 ડિગ્રીના ખૂણા પર ભારતમાં પહોંચે છે, જેનાથી ભીડભાડવાળા વિસ્તારો, ગાઢ જંગલો અને ડુંગરાળ પ્રદેશોમાં સિગ્નલો સુધી પહોંચવાનું સરળ બને છે.
- તેનાથી વિપરિત GPS સિગ્નલ એક ખૂણા પર આવે છે જે કેટલીકવાર કેટલાક સ્થળોએ સિગ્નલ રિસેપ્શન માટે પડકારો બનાવે છે.
- Navic સિગ્નલો મુખ્યત્વે ભારતીય ક્ષેત્રને સેવા આપવા માટે રચાયેલ છે આથી, કવરેજ વિસ્તારની અંદરના વપરાશકર્તાઓ Navic સિગ્નલોની વિશ્વસનીય એક્સેસની અપેક્ષા રાખી શકે છે, જે દૂરના અથવા દુર્ગમ વિસ્તારોમાં પણ પહોંચવામાં મદદ કરે છે.
- Navic સંરક્ષણ કામગીરી અને લશ્કરી કાર્યક્રમો માટે ચોક્કસ ટ્રેકિંગ અને નેવિગેશન સિસ્ટમ સક્ષમ કરે છે.
- Navic કુદરતી આફતો, જેમ કે ચક્રવાત અને પૂરને ટ્રેક કરવામાં અને પ્રતિસાદ આપવામાં મદદ કરે છે.
- આ ઉપરાંત Navicના મહત્ત્વ અંગેના અન્ય ઉદાહરણો નીચે મુજબ છે :

(1) પરિવહન અને નેવિગેશન : Navic વાણિજિયક વાહનોના ચોક્કસ ટ્રેકિંગને સક્ષમ કરે છે, માર્ગ સલામતી અને કાર્યક્ષમતામાં વધારો કરે છે.

(2) પ્રિસિઝન એગ્રીકલ્ચર એન્ડ ફાર્મિંગ : તે ખેડૂતોને પાક વ્યવસ્થાપન, સિંચાઈ અને જમીનમાં પોષક તત્ત્વોનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.

(3) વ્યક્તિગત અને જાહેર સલામતી : તે માછીમારોની રીઅલ–ટાઈમ ટ્રેકિંગને સક્ષમ કરે છે અને દરિયામાં સંભવિત જોખમોના કિસ્સામાં ચેતવણી મોકલે છે.

(4) વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતી : તે વૈજ્ઞાનિક પ્રયોગો, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણો અને જીઓડેટિક નેટવર્ક વિકાસમાં મદદ કરે છે.

## IPL 2023માં ચેન્નાઈ સુપર કિંગ્સ ચેમ્પિયન

31 માર્ચથી 29 મે 2023 દરમિયાન IPLની 16મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 10 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPLની ફાઈનલ મેચમાં ગુજરાત ટાઈટન્સને હરાવીને ચેન્નાઈ સુપર કિંગ્સ ચેમ્પિયન બન્યું છે.
- આ સાથે ચેન્નાઈ IPLમાં પાંચમી વખત ચેમ્પિયન બન્યું છે.



## IPL 2023ની ફાઈનલ મેચ




IPLની ફાઈનલ મેચ 29 મે, 2023ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- IPLની ફાઈનલ મેચ 28 મેના રોજ યોજાવાની હતી પરંતુ વરસાદના વિઘ્નને કારણે 29 મેના રોજ યોજાઈ હતી.
- IPLની ફાઈનલ મેચ ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે યોજાઈ હતી.
- આ ફાઈનલ મેચમાં ગુજરાત ટાઈટન્સે પ્રથમ દાવમાં 214 રન ફટકાર્યા હતા.
- ત્યારબાદ વરસાદના વિઘ્નના કારણે 20 ઓવરની મેચ 15 ઓવરની કરવામાં આવી હતી.
- આથી DLS મેથડ પ્રમાણે ગુજરાતે 171 રનનો ટાર્ગેટ આપ્યો હતો.
- જે ચેન્નાઈ સુપર કિંગ્સે 15 ઓવરમાં 171 રન બનાવીને IPL 2023ની ટ્રોફી જીતી લીધી હતી.
- ફાઈનલ મેચમાં 47 રન ફટકારનાર ચેન્નાઈ સુપર કિંગ્સના શ્રી ડેવોન કોન્વે (Devon Conway) 'મેન ઓફ ધ મેચ' બન્યા હતા.

## IPL 2023માં 'મેન ઓફ ધ સીરિઝ'



IPL 2023માં ગુજરાત ટાઈટન્સના ખેલાડી શ્રી શુભમન ગિલ 'મેન ઓફ ધ સીરિઝ' બન્યા હતા.

- શ્રી શુભમન ગિલે IPLની આ સિઝનમાં 890 રન ફટકાર્યા હતા.

## IPL 2023 એવોર્ડ



આ ટુર્નામેન્ટમાં 890 રન બનાવનાર ગુજરાત ટાઈટન્સના ખેલાડી શ્રી શુભમન ગિલને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

- જ્યારે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 28 વિકેટ ઝડપનાર ગુજરાત ટાઈટન્સના ખેલાડી શ્રી મોહમ્મદ શમીને સૌથી વધુ વિકેટ માટેનો પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

## IPL 2023 ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | IPL 2023 વિજેતા ટીમ | ચેન્નાઈ સુપર કિંગ્સ | – |
| 2 | રનર્સ ઓફ IPL 2023 | ગુજરાત ટાઈટન્સ | – |
| 3 | મેન ઓફ ધ સીરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | શ્રી શુભમન ગિલ | ગુજરાત ટાઈટન્સ |
| 4 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | શ્રી શુભમન ગિલ | ગુજરાત ટાઈટન્સ |
| 5 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | શ્રી મોહમ્મદ શમી | ગુજરાત ટાઈટન્સ |
| 6 | મેન ઓફ ધ મેચ (ફાઈનલ મેચમાં) | શ્રી ડેવોન કોન્વે | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| 7 | ફેર પ્લે એવોર્ડ | – | દિલ્હી કેપિટલ્સ (DC) |
| 8 | બેસ્ટ કેચ ઓફ ધ સિઝન | શ્રી રાશિદ ખાન | ગુજરાત ટાઈટન્સ |
| 9 | ગેમ ચેન્જર ઓફ ધ સિઝન | શ્રી શુભમન ગિલ | ગુજરાત ટાઈટન્સ |
| 10 | સિઝનની લોંગેસ્ટ સિક્સર એવોર્ડ | શ્રી ફાફ ડુ પ્લેસિસ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 11 | સિઝનમાં સૌથી વધુ ચોગ્ગાનો એવોર્ડ | શ્રી શુભમન ગિલ | ગુજરાત ટાઈટન્સ |
| 12 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી યશસ્વી જયસ્વાલ | રાજસ્થાન રોયલ્સ |

## IPL 2023 વિશેના કેટલાક મહત્ત્વના તથ્યો

IPL 2023 વિજેતા ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન શ્રી મહેન્દ્રસિંહ ધોની છે.

- રનર્સ અપ ટીમ ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શ્રી હાર્દિક પંડયા છે.
- ગુજરાત ટાઈટન્સના કોચ શ્રી આશિષ નહેરા છે.
- વર્ષ 2023માં IPL ટુર્નામેન્ટની આ 16મી સિઝન હતી.
- IPL 2023ને સ્પોન્સરશિપના કારણોસર TATA IPL 2023 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 2022માં બે નવી ટીમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો : ગુજરાત ટાઈટન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ.
- IPL 2023ના પોઈન્ટ ટેબલમાં ગુજરાત ટાઈટન્સ 20 પોઈન્ટ સાથે પ્રથમ ક્રમાંકે હતું.
- આ અગાઉ વર્ષ 2022માં ગુજરાત ટાઈટન્સે તેની પ્રથમ સિઝનમાં જ IPLનું ટાઈટલ જીત્યું હતું.

- **IPL 2023 ચેમ્પિયન ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સને 20 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું.**
- **જ્યારે રનર્સ અપ ટીમ ગુજરાત ટાઈટન્સને 12.5 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું.**
- **IPL 2023 માટેની હરાજીમાં સૌથી મોંઘા ખેલાડી શ્રી સેમ કુરન હતા. જેને પંજાબ કિંગ્સે 18.50 કરોડ રૂપિયામાં ખરીદયો હતો.**
- **ચેન્નાઈ સુપર કિંગ્સે 2010, 2011, 2018, 2021 અને 2023 એમ 5 ટાઈટલ જીત્યા છે.**

## સૌથી વધુ IPL વિજેતા ટીમ

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 5 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 5 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |


## IPL

**IPL નું પૂરું નામ '<u>ઈન્ડિયન પ્રીમિયર લીગ</u>' છે. IPL એ ભારતની પ્રોફેશનલ <u>T-20</u> લીગ છે.**

- **<u>BCCI</u> દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.**
- **IPLની સ્થાપનામાં <u>શ્રી લલિત મોદી</u>ની મહત્ત્વની ભૂમિકા હતી.**
- **શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.**
- **IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ <u>2008</u>માં યોજાઈ હતી. વર્ષ <u>2008</u>થી દર વર્ષ એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.**
- **વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ <u>રાજસ્થાન રોયલ્સ</u> છે.**
- **અત્યાર સુધીમાં સૌથી વધુ <u>પાંચ–પાંચ વખત</u> આ ટુર્નામેન્ટ વિજેતા <u>મુંબઈ ઈન્ડિયન્સ</u> અને <u>ચેન્નાઈ સુપર કિંગ્સ</u>ની ટીમ છે.**
- **IPLનું સંચાલન <u>BCCI</u> દ્વારા કરવામાં આવે છે.**
- **BCCIનું પૂરું નામ '<u>બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા</u>' છે.**

## IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| તેરમી | 2020 | મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી કેપિટલ્સ |
| ચૌદમી | 2021 | ચેન્નાઈ સુપર કિંગ્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| પંદરમી | 2022 | ગુજરાત ટાઈટન્સ | રાજસ્થાન રોયલ્સ |
| સોળમી | 2023 | ચેન્નાઈ સુપર કિંગ્સ | ગુજરાત ટાઈટન્સ |



આ પુસ્તકની ઓફર માત્ર www.iceonline.in પર ઉપલબ્ધ છે.

**1.** તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'Annual Health Index 2020-21' રજૂ કરવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 19 મોટા રાજ્યો પૈકી કેરળ, તમિલનાડુ અને તેલંગાણાએ એકંદર પ્રદર્શનના સંદર્ભમાં અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે.
2. આઠ નાના રાજ્યમાં ત્રિપુરાએ સર્વશ્રેષ્ઠ એકંદર પ્રદર્શન નોંધ્યું છે.
3. આઠ કેન્દ્રશાસિત પ્રદેશમાં લક્ષદ્વીપને એકંદર પ્રદર્શનની દષ્ટિએ ટોચના પર્ફોમર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
4. પંજાબ, મધ્યપ્રદેશ અને ગુજરાત વર્ષ 2019-20ના તેમના પ્રદર્શનની સરખામણીમાં વર્ષ 2020-21માં ટોચના ત્રણ પર્ફોમર તરીકે ઉભરી આવ્યા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 **(A)**

---

**2.** તાજેતરમાં ISRO દ્વારા શ્રી હરિકોટા સ્પેસ સેન્ટર ખાતેથી દેશના મહત્વાકાંક્ષી નેવિગેશન સેટેલાઈટ NVS-01નું સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. આ ઉપગ્રહને કયા રોકેટ વડે નિયત ભ્રમણકક્ષામાં તરતો મુકવામાં આવ્યો હતો ?

(A) PSLV - F12 (B) GSLV - F12 (C) PSLV - F01 (D) GSLV - F01 **(B)**

---

**3.** ભારતની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ કયા નામે ઓળખાય છે ?

(A) IRS અથવા Navic (B) IRSS અથવા NAVIC

(C) IRNS અથવા NAVIC (D) IRNSS અથવા NAVIC **(D)**

---

**4.** IRNSSનું પૂરું નામ શું છે ?

(A) Indian Regional Satellite System

(B) Indian Regional Navigation Satellite System

(C) Indian Regional Navy Satellite System

(D) Indian Region Navigation Satellite System **(B)**

---

**5.** ભારતની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ Navicની ભારતની સરહદ બહારના વિસ્તારો માટેની રેન્જ કેટલા કિમી સુધીની છે ?

(A) 1500 (B) 2000 (C) 2500 (D) 5000 **(A)**

---

**6.** ચીનની ગ્લોબલ નેવિગેશન સિસ્ટમ કયા નામે ઓળખાય છે ?

(A) FangDou (B) ChangDou (C) BeiDou (D) ZengDou **(C)**

7. નીચેના વિધાનો ધ્યાનમાં લો :

1. Navic સિગ્નલો ભારતમાં 90 ડિગ્રીના ખૂણા પર આવે છે, જેનાથી તેઓ ભીડભાડવાળા વિસ્તારો, ગાઢ જંગલો અથવા પર્વતોમાં પણ સ્થિત ઉપકરણો સુધી પહોંચવાનું સરળ બનાવે છે.
2. Navic ભારતીય ભૂમિ વિસ્તાર અને તેની આસપાસ 25000 કિ.મી.ની ત્રિજ્યા સુધી કવરેજ પ્રદાન કરે છે.
3. Navic 100 મીટર કરતા વધુ સારી સ્થિતિને ચોકસાઈ અને 50 સેકન્ડ કરતા વધુ સારી સમયની ચોકસાઈ પ્રદાન કરે છે.

ઉપરોક્ત વિધાનોમાંથી કયું વિધાન સાચું છે :

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 3 **(A)**

8. વર્ષ 2023 દરમિયાન IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?

(A) 14મી (B) 15મી (C) 16મી (D) 17મી **(C)**

9. IPL 2023માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

(A) 6 (B) 10 (C) 7 (D) 8 **(B)**

10. IPL 2023 વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) ચેન્નાઈ સુપર કિંગ્સ (B) મુંબઈ ઈન્ડિયન્સ
(C) લખનૌ સુપર જાયન્ટ્સ (D) ગુજરાત ટાઈટન્સ **(A)**

11. IPL 2023ની ફાઈનલ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) મુંબઈ ઈન્ડિયન્સ (B) લખનૌ સુપર જાયન્ટ્સ
(C) ગુજરાત ટાઈટન્સ (D) કોલકાતા નાઈટ રાઈડ્ર્સ **(C)**

12. IPL 2023ની ફાઈનલ મેચ કયા સ્થળે યોજાઈ હતી ?

(A) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ (B) ઈડન ગાર્ડન્સ, કોલકાતા
(C) અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી (D) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ **(D)**

13. IPL 2023માં મેન ઓફ ધ સીરિઝ (અથવા પ્લેયર ઓફ ધ સીરિઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી જોસ બટલર (B) શ્રી રાશિદ ખાન (C) શ્રી શુભમન ગિલ (D) શ્રી મોહમ્મદ શમી **(C)**

**14. IPL 2023 એવોર્ડ સંદર્ભે યોગ્ય જોડકા જોડો.**

| | A | | B |
|---|---|---|---|
| 1. | ઓરેન્જ કેપ | a. | શ્રી યશસ્વી જયસ્વાલ |
| 2. | પર્પલ કેપ | b. | શ્રી શુભમન ગિલ |
| 3. | બેસ્ટ કેચ ઓફ ધ સિઝન | c. | શ્રી મોહમ્મદ શમી |
| 4. | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | d. | શ્રી રાશિદ ખાન |

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1-b, 2-c, 3-d, 4-a (B) 1-b, 2-c, 3-a, 4-d

(C) 1-c, 2-b, 3-d, 4-a (D) 1-d, 2-c, 3-a, 4-b **(A)**

**15. IPLનું પૂરું નામ શું છે ?**

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ

(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

**16. BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે થયું હતું ?**

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**




## દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day)




સમગ્ર વિશ્વમાં 31 મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ તમાકુના ઉપયોગની નકારત્મક સ્વાસ્થ્ય અસરો અંગે જાગૃત્તિ કેળવવાનો છે.
- આથી, આ દિવસે સમગ્ર વિશ્વમાં 24 કલાક માટે તમાકુના તમામ સ્વરૂપોના ઉપયોગનો ત્યાગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- WHOના સભ્ય દેશો દ્વારા 1987માં 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની 'વર્લ્ડ ટોબેકો ડે'ની થીમ 'Grow Food, not tobacco' (તમાકું નહીં, ખોરાક ઉગાડો) છે.

**નોંધ:** 'વિશ્વ તમાકુ નિષેધ દિન' 31 મે ના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન' 26 જૂનના રોજ ઉજવાય છે.

## ભારતના નવા CVC તરીકે શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવની નિમણૂક



ભારતના નવા Chief Vigilance Commissioner (CVC) અથવા તો Central Vigilance Commission (CVC)ના વડા તરીકે શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવની નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવને શપથ અપાવ્યા હતા.
- સેન્ટ્રલ વિજિલન્સ કમિશનરની ભૂમિકા સંભાળતા પહેલા શ્રી પ્રવીણ કુમારે શ્રી સુરેશ એન. પટેલનો કાર્યકાળ પૂરો થયા બાદ તેમણે કાર્યકારી CVC તરીકે સેવા આપી હતી.

### શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવ

શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવની કારકિર્દી વિવિધ સરકારી વિભાગોમાં ફેલાયેલી છે, જે તેમની કુશળતા અને વૈવિધ્યતાને દર્શાવે છે.

- નોંધનીય છે કે 31 જાન્યુઆરી, 2022ના રોજ કેબિનેટ સચિવાલયના સચિવ (સંકલન) તરીકે નિવૃત્ત થયા હતા.
- તેમના કાર્યકાળ દરમિયાન તેમણે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન હેઠળ સેવાઓ સંબંધિત વેપાર વાટાઘાટોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

- **RITES લિ.માં** **ચીફ વિજિલન્સ ઓફિસર** તરીકે તેમના કાર્યકાળે સંસ્થામાં પારદર્શિતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.
- શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવે ગૃહ મંત્રાલયમાં વિશેષ સચિવ અને અધિક સચિવ તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે.

## Central Vigilance Commission

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) એ ભારત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ સંબંધિત ભ્રષ્ટાચારને નિયંત્રિત કરતી **ભારતની સર્વોચ્ચ સંસ્થા** છે.

- **શ્રી કે. સંથાનમ સમિતિ**ની ભલામણથી ભારતમાં **11 ફેબ્રુઆરી, 1964**ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- CVC એ ભારતની **વૈધાનિક** દરજ્જો ધરાવતી સંસ્થા છે.
- વર્ષ **2003**માં સંસદમાં એક એક્ટ પસાર કરીને આ સંસ્થાને **વૈધાનિક દરજ્જો** આપવામાં આવ્યો હતો.

## CVCના સભ્યો

સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના સભ્યોમાં **એક અધ્યક્ષ** અને અન્ય **બે સભ્યો**નો સમાવેશ થાય છે.

- એટલે કે **એક ચીફ વિજિલન્સ કમિશનર** અને અન્ય **બે વિજિલન્સ કમિશનર**નો સમાવેશ થાય છે.

## CVCના સભ્યોની નિમણૂક

ભારતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના અધ્યક્ષ તથા સભ્યોની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા **ત્રણ સભ્યોની એક સમિતિની ભલામણથી** કરવામાં આવે છે.

- આ સમિતિના **ત્રણ સભ્યો**માં નીચેના વ્યક્તિઓનો સમાવેશ થાય છે :

  (1) **ભારતના વડાપ્રધાન**

  (2) **ભારતના ગૃહમંત્રી અને**

  (3) **લોકસભાના વિરોધ પક્ષના નેતા**

- જેમાં ભારતના **વડાપ્રધાન** આ સમિતિના **અધ્યક્ષ** હોય છે.

## CVCના સભ્યોનો કાર્યકાળ

ભારતમાં CVCના અધ્યક્ષ તથા સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે હોય છે.

- કાર્યકાળ પૂરો થયા બાદ CVCના અધ્યક્ષ કે સભ્યો કેન્દ્ર અથવા તો રાજ્ય સરકારના કોઈ પદ પર હોદ્દો સંભાળી શકતા નથી.

નોંધ :(1) ભારતમાં ચીફ વિજિલન્સ કમિશનરનો પગાર UPSCના અધ્યક્ષ જેટલો જ હોય છે.

(2) ભારતના પ્રથમ ચીફ વિજિલન્સ કમિશનર શ્રી એન. એસ. રાવ (Shri Nittoor Srinivasa Rau) હતા.

## શેનઝોઉ-16 મિશન : ચીન

તાજેતરમાં ચીને, શેનઝોઉ-16 મિશનને સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે.




- જેમાં ત્રણ અવકાશયાત્રીઓને તેના સંપૂર્ણ કાર્યરત સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવ્યા છે.
- શેનઝોઉ-16 અવકાશયાનને ચીનના જીયુક્વાન સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મહત્વપૂર્ણ મિશન 2021થી ચાઈનીઝ સ્પેસ પોસ્ટ માટેનું પાંચમું માનવસહિત મિશન છે, જે તેના અવકાશ કાર્યક્રમને આગળ વધારવાની ચીનની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.
- શેનઝોઉ-16 અવકાશયાન ત્રણ અવકાશયાત્રીઓના ક્રૂને લઈ ગયું હતું, જેણે અગાઉના શેનઝોઉ-15 ક્રૂની જગ્યા લીધી છે.

નોંધ: (1) તિઆંગોંગ એ ચીનનું સ્પેસ સ્ટેશન છે.

(2) તિઆંગોંગ સ્પેસ સ્ટેશન ત્રણ મોડ્યુલ ધરાવે છે અને તે વૈજ્ઞાનિક સંશોધન અને સંશોધન માટેના કેન્દ્ર તરીકે કામ કરે છે.

**1.** ‘વિશ્વ તમાકુ નિષેધ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 મે (B) 30 મે (C) 31 મે (D) 1 જૂન **(C)**

**2.** વર્ષ 2023ની ‘વિશ્વ તમાકુ નિષેધ દિવસ’ની થીમ શું છે ?

(A) Grow Food, not tobacco

(B) Tobacco : Dedly in any From or Disguise

(C) Tobacco : A threat to development

(D) Tobacco, Kills, don’t be duppd **(A)**

**3.** ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી કે. વી. ચૌધરી (B) શ્રી એમ. એન. પટેલ

(C) શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવ (D) શ્રી સુરેશ ત્રિપાઠી **(C)**

**4.** ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર (CVC) તરીકે શ્રી પ્રવીણ કુમાર શ્રીવાસ્તવ ને કોણે શપથ અપાવ્યા હતા ?

(A) શ્રીમતી દ્રોપદી મુર્મુ (B) શ્રી ડી. વાય. ચંદ્રચૂડ

(C) શ્રી અરવિંદ કુમાર (D) શ્રી વૈંકેયા નાયડુ **(A)**

**5.** તાજેતરમાં કયા દેશે શેનઝોઉ-16 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું ?

(A) જાપાન (B) ચીન (C) યુ.એ.ઈ. (D) રશિયા **(B)**



## દિવસ મહિમા : 01 જૂન, (1) વૈશ્વિક માતા-પિતા દિવસ
## (2) વિશ્વ દૂધ દિવસ (World Milk Day)

### વિશ્વ દૂધ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જૂન ના રોજ 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ડેરી ક્ષેત્રના વિકાસ, દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓ અને દૂધના પોષક મૂલ્યોના મહત્ત્વને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2001 થી દર વર્ષે 1 જૂને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ:** ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડૉ. વર્ગિસ કુરિયનના જન્મદિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## હંગર હોટસ્પોટ્સ : FAO-WFP તીવ્ર ખોરાકની અસુરક્ષા પર પ્રારંભિક ચેતવણીઓ



તાજેતરમાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) દ્વારા 'હંગર હોટસ્પોટ્સ : FAO-WFP પ્રારંભિક ચેતવણી ઓન એક્યુટ ઈન્સિક્યોરિટી' શિર્ષક હેઠળ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટમાં ભૂખમરાના હોટસ્પોટ્સની ચિંતાજનક પરિસ્થિતિ અને વિશ્વના વિવિધ ભાગોમાં તીવ્ર ખોરાકની અસુરક્ષામાં વધારો થવા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.
- યુએનના આ રિપોર્ટ અનુસાર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મ્યાનમાર જેવા દેશો ઓળખાયેલા ભૂખમરાના હોટસ્પોટ્સમાં સામેલ છે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### ઉચ્ચ ચિંતાજનક હોટસ્પોટ્સ

અહેવાલ અનુસાર 22 દેશોમાં 18 પ્રદેશો એવા છે જ્યાં ખોરાકની અસુરક્ષા તીવ્રતા અને ગંભીરતામાં વધી શકે છે.

- પાકિસ્તાન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, ઈથોપિયા, કેન્યા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને સીરિયન રિપબ્લિક ઉચ્ચ ચિંતાના કેન્દ્રો છે.
- આ તમામ ક્ષેત્રો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. જે આવનારા સમયમાં વધુ સ્થિતિ બગડવાની સંભાવના છે.

### ઉચ્ચ ચિંતાજનક દેશ

અફઘાનિસ્તાન, નાઈજીરીયા, સોમાલિયા, દક્ષિણ સુદાન અને યમનમાં ચિંતાનું સ્તર સૌથી વધુ છે.

- હૈતિ, સાહેલ (બુર્કિના ફાસો અને માલી) અને સુદાન ભૂખમરાના ઉચ્ચત્તમ સ્તરે પહોંચી ગયા છે.
- તાજેતરમાં સુદાન સંઘર્ષના કારણે હૈતી તેમજ બુર્કિના ફાસો અને માલીમાં લોકો અને માલસામાનની અવરજવર પર કડક નિયંત્રણો આ પરિસ્થિતિમાં પરિણમ્યા છે.

### ભૂખમરાની શક્યતાઓ

તમામ હોટસ્પોટ્સ પરની વસતી ઉચ્ચ સ્તરની ભૂખમરો અનુભવી રહી છે અથવા ભૂખમરાના જોખમમાં હોવાનો અંદાજ છે.

- વસતી પહેલેથી જ અસુરક્ષા અને ગંભીર પરિબળોનો સામનો કરી રહી છે જે વિનાશક પરિસ્થિતિઓ તરફ દોરી જાય છે.

## FAO

FAOનું પૂરું નામ Food and Agriculture Organization છે.

- તે સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ એજન્સી છે જે ભૂખને હરાવવા અને ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયત્નોનું નેતૃત્વ કરે છે.
- તેની સ્થાપના 16 ઓક્ટોબર, 1945ના રોજ કરવામાં આવી હતી.

- તેનું લેટિન સુત્ર ફિયાટ પાનીસ છે જેનું ભાષાંતર 'Let there be bread' થાય છે.
- FAOનું મુખ્ય મથક ઈટાલીના રોમ ખાતે આવેલું છે.
- દર વર્ષે FAO સ્થાપના દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ' (World Food Day)ની ઉજવણી કરવામાં આવે છે.

## WFP

WFPનું પૂરું નામ 'World Food Programme' છે.

- WFP એ જીવનનું રક્ષણ અને પરિવર્તન કરવા, કટોકટીમાં ખોરાક સહાય પૂરી પાડવા અને પોષણ તથા સ્થિતિ સ્થાપકતામાં સુધારો કરવા માટે સમુદાયો સાથે કામ કરતી અગ્રણી માનવતાવાદી સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1961માં FAO અને યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક ઈટાલીના રોમમાં આવેલું છે.
- તે યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગ્રૂપ (UNGA)નું સભ્ય પણ છે, જે યુનાઈટેડ નેશન્સ એજન્સીઓ અને સંસ્થાનું ગઠબંધન છે. તેનો હેતુ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)ને પહોંચી વળવાનો છે.




**1.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વૈશ્વિક માતા–પિતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન **(B)**

**2.** 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન **(B)**

**3.** તાજેતરમાં FAO અને WFP દ્વારા 'હંગર હોટસ્પોટ્સ : FAO-WFP પ્રારંભિક ચેતવણી ઓન એક્યુટ ઈન્સિક્યોરિટી' શિર્ષક હેઠળ એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. અહેવાલ અનુસાર અફઘાનિસ્તાન, નાઈજીરિયા, દક્ષિણ સુદાન અને યમનમાં ચિંતાનું સ્તર સૌથી વધારે છે.
2. અહેવાલ અનુસાર હૈતિ, સાહેલ (બુર્કિના ફાસો અને માલી) અને સુદાન પણ ભૂખમરાના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે.
3. ભારતમાં 2019ના અહેવાલ અનુસાર 15.7%થી વધીને 2025માં 21.2% ભૂખમરાનો વધારો જોવા મળશે.
4. પાકિસ્તાન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકન, ઈથોપિયા, કેન્યા, ડેમોક્રટિક રિપબ્લિક ઓફ કોંગો અને સીરિયન રિપબ્લિક ભૂખમરાના ઉચ્ચ ચિંતાના કેન્દ્રો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 **(D)**

**4.** FAOનું મુખ્ય મથક કયાં આવેલું છે ?

(A) પેરિસ, ફ્રાન્સ (B) રોમ, ઈટાલી

(C) ન્યૂયોર્ક, અમેરિકા (D) જીનિવા, સ્વીત્ઝર્લેન્ડ **(B)**

## સબાંગ પોર્ટ (Sabang Port) પર શક્યતા અભ્યાસ

ભારત અને ઈન્ડોનેશિયાએ તાજેતરમાં ઈન્ડોનેશિયાના અચેહ પ્રાંતમાં સ્થિત સબાંગ બંદરના વિકાસ પર સંયુક્ત સંભવિતતા અભ્યાસ (Joint Feasibility Study) પૂર્ણ કર્યો છે.

- આ સહકાર બંને દેશો માટે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક મૂલ્ય ધરાવે છે અને તેનો ઉદ્દેશ્ય દરિયાઈ જોડાણ વધારવા અને હિંદ મહાસાગરમાં ભારતની સૈન્ય સ્થિતિને મજબૂત કરવાનો છે.
- સબાંગ બંદર આંદામાન અને નિકોબાર ટાપુઓથી લગભગ 700 કિમી દૂર છે.
- તેનું ભૌગોલિક સ્થાન ભારતને મલક્કા સમુદ્રધાની (Malacca Straits)માં સરળ પ્રવેશ આપે છે, જે એક મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગ તરીકે સેવા આપે છે.
- આ સમુદ્રધાની વૈશ્વિક વેપારના મોટા ભાગને સુવિધા આપે છે.
- સબાંગ બંદર શિપિંગ જહાજો અને સબમરીન સહિત વિવિધ જહાજોને હોસ્ટ કરવા માટે યોગ્ય છે.

### સબાંગ પોર્ટ પર શકયતા અભ્યાસ અને પ્રગતિ

ભારતે સબાંગ પોર્ટના વિસ્તરણ અને વિકાસની સંભાવનાઓને દર્શાવતો એક સંભવિત અભ્યાસ પૂર્ણ કર્યો છે.

- અભ્યાસ હાલમાં ઈન્ડોનેશિયા દ્વારા સમીક્ષા હેઠળ છે.
- બંદરના બાંધકામની પ્રગતિ પ્રમાણમાં ધીમી હોવા છતા અચેહ પ્રાંત અને આંદામાન અને નિકોબાર ટાપુઓ વચ્ચે જોડાણ વધારવા માટે ઘણા વર્ષોથી ચર્ચાઓ અને પહેલો ચાલી રહી છે.

**નોંધ:** (1) બંને દેશો વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અને સહયોગને મજબૂત કરવા માટે ભારત–ઈન્ડોનેશિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોરમ (IIIF)ની સ્થાપના 2018માં કરવામાં આવી હતી.

(2) આ ફોરમ ભારત અને ઈન્ડોનેશિયાના ખાનગી ક્ષેત્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

(3) તેનો ઉદ્દેશ્ય પરસ્પર લાભને પ્રોત્સાહન આપવા અને પોર્ટ પ્રોજેક્ટ સહિત માળખાકીય વિકાસ માટેની તકો શોધવાનો છે.

## ઉત્તરપ્રદેશમાં ડિજિટલ કુંભ મ્યુઝિયમ બનાવવામાં આવશે



ઉત્તરપ્રદેશના પર્યટન વિભાગે 'ડિજિટલ કુંભ મ્યુઝિયમ' નામના નોંધપાત્ર પ્રોજેક્ટના નિર્માણની દરખાસ્ત કરી હતી.

- મ્યુઝિયમનો ઉદ્દેશ્ય વિખ્યાત કુંભ મેળાના પૌરાણિક અને ઐતિહાસિક મહત્ત્વની સમજ પૂરી પાડવા સાથે મુલાકાતીઓને આધુનિક અને તરબોળ અનુભવ પ્રદાન કરવાનો છે.
- સૂચિત 'ડિજિટલ કુંભ મ્યુઝિયમ' પર અંદાજે 60 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.
- કુંભ મેળાની ભવ્યતાનો અનુભવ કરવા આવતા ભક્તો માટે તે મનમોહક આકર્ષણનું કામ કરશે.
- આ મ્યુઝિયમ રાજ્ય અને દેશ બંનેની સંસ્કૃતિની ઊંડી સમજ પૂરી પાડશે.
- 'ડિજિટલ કુંભ મ્યુઝિયમ' અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. જેમાં ઓડિયો–વીડિયો રૂમ હશે જે મુલાકાતીઓ માટે ઈમર્સિવ અનુભવની ખાતરી કરશે.
- મ્યુઝિયમમાં વિવિધ ગેલેરીઓ હશે. દરેક અલગ આધ્યાત્મિક થીમને સમર્પિત હશે.

### ગેલરીઓ અને પ્રદર્શનો

મ્યુઝિયમમાં કુંભ મેળાની આસપાસના સમૃદ્ધ વારસા અને પૌરાણિક કથાઓ દર્શાવતી અનેક ગેલરીઓ હશે.

- આવી જ એક ગેલેરી 'આધ્યાત્મિક અને કુંભમેળા અર્થઘટન ગેલેરી' છે, જે ઘટનાના આધ્યાત્મિક સાર વિશે સમજ આપશે.
- 'સમુદ્ર મંથન ગેલેરી' ફ્લોર પ્રોજેક્શન દ્વારા 'સમુદ્ર મંથન'ની મહાકથા રજૂ કરીને મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે.
- દેશમાં પ્રચલિત વાઈબ્રન્ટ અખાડા સંસ્કૃતિને ઉજાગર કરતું બીજું મનમોહક પ્રદર્શન 'અખાડા ગેલેરી' હશે.

## દિલ્હીના જૂના કિલ્લાનું ઉત્ખનન

દિલ્હીના જૂના કિલ્લા ખાતે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ ખોદકામના કામે 2500 વર્ષથી વધુનો ઈતિહાસ જાહેર કર્યો છે.



- આ ખોદકામનો ઉદ્દેશ્ય સ્થળની સંપૂર્ણ ઘટનાક્રમ સ્થાપિત કરવાનો છે.
- અહીં વિવિધ ઐતિહાસિક સમયગાળાની કલાકૃતિઓ મળી આવી છે.
- જે મૌર્ય–પૂર્વે, મૌર્ય, શુંગ, કુષાણ, ગુપ્ત, રાજપૂત, સલ્તનત અને મુઘલ સહિત 9 સાંસ્કૃતિક સ્તરો ધરાવે છે.
- આ શોધ શહેરના પ્રાચીન ઈતિહાસ પર પણ પ્રકાશ પાડે છે.

### ઉત્ખનનના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

#### વાસણોના ટુકડા

આ મૃદભંડો અથવા માટીના વાસણોના ટુકડાઓ સામાન્ય રીતે ઈ.સ. પૂર્વ 1200 થી ઈ.સ. પૂર્વે 600ના સમયગાળાના છે. જે મૌર્ય પહેલાના યુગમાં માનવ વસાહતોનું અસ્તિત્વ સૂચવે છે.

#### વૈકુંઠ વિષ્ણુ શિલ્પ

- આ ખોદકામ અથવા ઉત્ખનન દરમિયાન રાજપૂત યુગની વૈકુંઠ વિષ્ણુની 900 વર્ષ જૂની મૂર્તિ મળી આવી હતી.

#### શુંગ-કૃષાણ સમયગાળાના સંકૂલો

- ખોદકામમાં શુંગ–કૃષાણ કાળથી ચાર રૂમનું સુવ્યવસ્થિત સંકૂલ જોવા મળ્યું હતું, જે લગભગ 2300 વર્ષ જૂનું છે.

#### ટેરાકોટા તકતી

- આ સ્થળે દેવી ગજલક્ષ્મીની ટેરાકોટા તકતી મળી આવી છે, જે ગુપ્તકાળની છે.

#### સિક્કા, સીલ અને તાંબાની કલાકૃતિ

- સ્થળ પર 136થી વધુ સિક્કા, 35 સીલ (મોહર) અને અન્ય તાંબાની કલાકૃતિઓ મળી આવી હતી.
- આ તારણો વેપાર પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે સાઈટનું મહત્ત્વ દર્શાવે છે.

## ટેરા કોટા રીંગ કુવો

- મૌર્ય કાળના 2500 વર્ષ જૂના કૂવાના અવશેષો મળી આવ્યા હતા.

## જૂના કિલ્લા વિશે

જૂનો કિલ્લો મુઘલ યુગના સૌથી જૂના કિલ્લાઓમાંનો એક છે અને આ સ્થળને ઈન્દ્રપ્રસ્થ (પાંડવોની રાજધાની)ની પ્રાચીન વસાહત તરીકે ઓળખવામાં આવે છે.

- 16મી સદીમાં હુમાયુ દ્વારા જૂના કિલ્લાના વિશાળ પ્રવેશદ્વાર અને દિવાલોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. અને નવી રાજધાની દિનપનાહનો પાયો નાખવામાં આવ્યો હતો.
- ત્યારબાદ હુમાયુને વિસ્થાપિત કરનાર શેરશાહ સૂરી દ્વારા આ કાર્યને આગળ ધપાવવામાં આવ્યું હતું.
- કિલ્લાની અંદર મુખ્ય આકર્ષણો છે. જેમાં શેરશાહ સૂરીની કિલા–એ–કુહના મસ્જિદના અવશેષો, શેરમંડલ, એક પગથિયું અને વિશાળ કિલ્લો જેમાં ત્રણ દરવાજાનો સમાવેશ થાય છે.
- શેરમંડળ એટલે કે પરંપરાગત રીતે હુમાયુના મૃત્યુ સાથે સંકળાયેલ એક ટાવર.

## FRIDAY Questions

1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સબાંગ પોર્ટ' કયા દેશમાં આવેલું છે ?
   (A) ઈન્ડોનેશિયા (B) ચીન (C) ઈરાન (D) મ્યાનમાર **(A)**

2. તાજેતરમાં કયા રાજ્યએ જાહેરાત કરી હતી કે તેઓ 'ડિજિટલ કુંભ મ્યુઝિયમ'નું નિર્માણ કરશે ?
   (A) મહારાષ્ટ્ર (B) હરિયાણા (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર **(C)**

3. તાજેતરમાં દિલ્હીના જૂના કિલ્લા ખાતે ASI દ્વારા ઉત્ખનન કરવામાં આવ્યું હતું. આ ઉત્ખનન દરમિયાન વિવિધ કલાકૃતિ મળી આવી હતી. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?
   1. અહીંથી મળેલ માટીના વાસણોના ટુકડાઓ સામાન્ય રીતે ઈ.સ.પૂર્વે 1200 થી ઈ.સ.પૂર્વે 600ના સમયગાળાના છે.
   2. આ ખોદકામ અથવા ઉત્ખનન દરમિયાન રાજપૂત યુગની વૈકુંઠ વિષ્ણુની 700 વર્ષ જૂની મૂર્તિ મળી આવી હતી.
   3. આ સ્થળેથી મૌર્યવંશના 2500 વર્ષ જૂના કૂવાના અવશેષો મળી આવ્યા હતા.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(B)**

## દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day)

રોજિંદા જીવનમાં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં 3 જૂનના રોજ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ અંતર્ગત 3 જૂન, 2023ના રોજ છઠ્ઠા 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- 3 જૂન, 2018ના રોજ પ્રથમ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ માટે એપ્રિલ, 2018માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- અમેરિકાની મોન્ટેગોમરી કોલેજના પ્રોફેસર શ્રી લેસ્ઝેક સિબિલ્સકી અને તેમના વર્ગના વિદ્યાર્થીઓની અરજીના કારણે આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી છે.
- આ માટે તેમને તુર્કમેનિસ્તાન સહિત 56 દેશોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

**નોંધ:** નેધરલેન્ડની રાજધાની એમસ્ટર્ડમમાં આશરે 40 ટકા લોકો કામ પર જતી વખતે સાયકલનો ઉપયોગ કરે છે. સમગ્ર વિશ્વમાં આ સંખ્યા સૌથી વધુ છે.

## વિશ્વ સ્વાસ્થ્ય સભાનું 76મું સત્ર



વિશ્વ સ્વાસ્થ્ય સભા (વર્લ્ડ હેલ્થ એસેમ્બલી)નું 76મું સત્ર 21 મે થી 30 મે 2023 દરમિયાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના મુખ્યમથક જીનીવામાં યોજાયું હતું.

- 76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીની સહભાગીતાએ વૈશ્વિક સ્વાસ્થ્ય પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા શેર કરી હતી.
- ચીન અને પાકિસ્તાનના વિરોધના કારણે તાઈવાનને WHOની બેઠકમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું.

## 76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના મુખ્ય મુદ્દાઓ

- **WHO at 75 : Saving lives, driving health for All**

## રસાયણો, કચરો અને પ્રદૂષણ પર ડ્રાફ્ટ ઠરાવ

76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન રસાયણો, કચરો અને પ્રદૂષણની અસરો અંગેનો ડ્રાફ્ટ ઠરાવ અપનાવવામાં આવ્યો હતો.

- WHO યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામને અંતઃસ્ત્રાવી વિક્ષેપિત રસાયણોના અહેવાલને અપડેટ કરવા વિનંતી કરી હતી.
- રાસાયણિક એક્સપોઝર અને આરોગ્યની ચિંતાઓ પર મર્યાદિત ડેટા પ્રકાશિત કરવામાં આવ્યો છે.
- આ ફોર્મેટ કેડિયમ, લીડ, પારો વગેરે જેવા જોખમી રસાયણો માટે નિયમનકારી માળખું, બાયો મોનિટરિંગ અને જોખમ ઓળખને પ્રોત્સાહિત કરે છે.
- નબળા રાસાયણિક કચરાના વ્યવસ્થાપન અને લાંબાગાળાની આરોગ્ય અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.
- જાહેર આરોગ્યની અસરો અને ડેટા ગેપ પર WHO રિપોર્ટની વિનંતી કરવામાં આવી હતી.

## સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય માટે વૈશ્વિક યોજના

સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય માટે વૈશ્વિક એકશન પ્લાન વિકસાવવા માટે ડ્રાફ્ટ રિઝોલ્યુશન અપનાવવામાં આવ્યું હતું.

- નોંધનીય છે કે આ યોજના પર વર્ષ 2026માં 79મી વર્લ્ડ એસેમ્બલીમાં વિચારણા કરવામાં આવશે.
- આ ઉપરાત આ યોજનાના અન્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

(a) સ્થાનિક લોકો સાથે પરામર્શ અને તેમની મફત, પૂર્વ અને જાણકાર સંમતિ પર ભાર મૂકવો.

(b) ગરીબી, હિંસા, ભેદભાવ અને આરોગ્ય સંભાળની મર્યાદિત પહોંચ જેવા પડકારોને સંબોધવા.

(c) પ્રજનન, માતૃત્વ અને કિશોરવયના સ્વાસ્થ્ય, સંવેદનશીલ પરિસ્થિતિઓ પર ધ્યાન કેન્દ્રીત કરવું.

(d) સ્થાનિક વસતીના આધારે આરોગ્ય અને કલ્યાણમાં સુધારો લાવવો.

## ડૂબવાથી થતા મૃત્યુના નિવારણ માટે વૈશ્વિક ગઠબંધન

76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી બેઠક દરમિયાન ડૂબવાથી થતા મૃત્યુને અટકાવવા માટે વૈશ્વિક જોડાણની સ્થાપના કરવામાં આવી હતી.

- વર્ષ 2029 સુધીમાં ડૂબવાથી સંબંધિત વૈશ્વિક જાહેર આરોગ્યની ચિંતાઓને દૂર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.
- WHO કાર્યવાહીનું સંકલન કરશે અને ડૂબવા અંગે વૈશ્વિક પરિસ્થિતિ અહેવાલ તૈયાર કરશે.

## WHO કાર્યક્રમનું બજેટ

WHOના સભ્ય દેશો વર્ષ 2024-2025 માટે 6.83 બિલિયન અમેરિકન ડોલરના બજેટ માટે સંમત થયા હતા.

- જેમાં નિર્ધારિત યોગદાનમાં 20%નો વધારો સામેલ છે.
- મૂલ્યાંકિત યોગદાન વર્ષોથી ઘટ્યું છે, જે WHOના ભંડોળના એક ચતુર્થાંશ કરતા પણ ઓછું છે.
- ટોચના ફાળો આપનારાઓમાં જર્મની, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગ્ડમ અને યુરોપિયન કમિશનનો સમાવેશ થાય છે.
- સ્વૈચ્છિક યોગદાન પર WHOની નિર્ભરતા શાસનની ચિંતાઓને પ્રકાશિત કરે છે અને સતત તકનીકી સહકાર અને લક્ષ્ય સિદ્ધિની દિશાને અસર કરે છે.

## હેલ્થ ફોર ઓલ અહેવાલ

76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં 'હેલ્થ ફોર ઓલ : ટ્રાન્સફોર્મિંગ ઈકોનોમીઝ ટુ ડીલીવર વોટ મેટર' શીર્ષક હેઠળ અહેવાલ બહાર પાડ્યો હતો.

- રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :
  - (a) માનવતાની સુખાકારીને પ્રાથમિકતા આપવામાં નિષ્ફળતાના કારણે COVID-19 મહામારી અટકાવી શકાય તેવી આપત્તિ હતી. સ્પષ્ટ ચેતવણીઓ હોવા છતા મહામારીને રોકવા માટે સક્રિય પગલાંના મહત્ત્વની અવગણના કરવામાં આવી હતી. જેના કારણે સમગ્ર વિશ્વમાં ગંભીર કટોકટી સર્જાઈ હતી.
  - (b) COVID-19 મહામારીએ વ્યાપક અસમાનતાઓને ઉજાગર કરી છે.
  - (c) બધા માટે આરોગ્ય અર્થતંત્રને ફરીથી આકાર આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
  - (d) વૈશ્વિક સ્તરે ખાસ કરીને ઓછી આવક ધરાવતા દેશોમાં આરોગ્ય કર્મચારીઓની તીવ્ર અછત છે.
  - (e) જ્યારે આફ્રિકા અને પૂર્વીય ભૂમધ્ય સમુદ્ર સૌથી વધુ જરૂરિયાતવાળા પ્રદેશો છે, ઘણા દેશો કર્મચારીઓમાં રોકાણ કરવાની તેમની ક્ષમતા પર સંખ્યાબંધ અવરોધો સાથે ઝઝૂમી રહ્યા છે.

(f) અશ્મિભૂત ઈંધણ બળવાથી વાયુ પ્રદૂષણ વિશ્વભરમાં 10.2 મિલિયન અકાળ મૃત્યુ માટે જવાબદાર છે.

(g) ટૂંકાગાળાના કઠોરતાના પગલાં આરોગ્ય ખર્ચને જોખમમાં મૂકે છે અને આરોગ્ય સંભાળની જોગવાઈમાં લાંબાગાળાના લાભો અને ટકાઉપણું ઘટાડે છે.

(h) ઓછામાં ઓછા 140 દેશો તેમના બંધારણમાં ક્યાંક ને ક્યાંક સ્વાસ્થ્યને માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે, પરંતુ માત્ર ચાર દેશોએ તેને કેવી રીતે ધિરાણ આપવું તેનો ઉલ્લેખ કર્યો છે.

## ભારતની ભાગીદારી

તેણે વૈશ્વિક આરોગ્ય પ્રણાલીઓના સહયોગ અને સ્થિતિ સ્થાપકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

- ભારતે 100થી વધુ દેશોમાં 300 મિલિયન COVID-19 રસીના વિતરણમાં યોગદાન આપ્યું છે.
- યોગ અને આયુર્વેદ જેવી પરંપરાગત પ્રણાલીઓના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.
- G20એ 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર' થીમને સમર્થન આપ્યું હતું.
- WHOના ઓછી અને મધ્યમ આવક ધરાવતા સભ્ય દેશોને સમર્થન આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.
- તમામ માટે સર્વસમાવેશક વિકાસ અને આરોગ્ય સંભાળના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.
- WHOએ ભારતમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિસિનની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો હતો.
- વૈશ્વિક સ્તરે આયુષ સારવારને પ્રોત્સાહન આપવા માટે 'હીલ બાય ઈન્ડિયા' પહેલ પર ભાર મૂક્યો હતો.

## વિશ્વ સ્વાસ્થ્ય સભા

વિશ્વ સ્વાસ્થ્ય સભા (World Health Assembly) સભ્ય દેશોના પ્રતિનિધિઓની બનેલી છે.

- દરેક રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ મહત્તમ ત્રણ પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે, જેમાંથી એકને મુખ્ય પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવે છે.
- આ પ્રતિનિધિઓને આરોગ્ય ક્ષેત્રે તેમની ટેકનિકલ ક્ષમતાના આધારે યોગ્ય વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવે છે. કારણ કે તેઓ સભ્ય રાષ્ટ્રના રાષ્ટ્રીય આરોગ્ય વહીવટનું પ્રાધન્યપૂર્વક પ્રતિનિધિત્વ કરે છે.
- વર્લ્ડ હેલ્થ એસેમ્બલી નિયમિતપણે વાર્ષિક સત્રોમાં અને ક્યારેક વિશેષ સત્રોમાં મળે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સભાના કાર્યો નીચે મુજબ છે :

1. વિશ્વ સ્વાસ્થ્ય સભા WHOની નીતિઓ નક્કી કરે છે.
2. તે સંસ્થાની નાણાકીય નીતિઓ પર નજર રાખે છે અને બજેટની સમીક્ષા કરે છે અને મંજૂર કરે છે.
3. તે WHO અને સંયુક્ત રાષ્ટ્ર વચ્ચેના કોઈપણ કરારો અંગે આર્થિક અને સામાજિક પરિષદને અહેવાલ આપે છે.

# અહલ્યાબાઈ હોલકરના નામ પર અહમદનગર જિલ્લાનું નામ રાખવામાં આવશે

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં તાજેતરમાં નોંધપાત્ર ફેરફાર થયો છે કારણ કે તે હવે પુણ્યશ્લોક અહલ્યા દેવી હોલ્કર (Punyashlok Ahilya Devi Holkar)ના નવા નામથી આ જિલ્લો ઓળખાશે.

- અહમદનગરનું નામ બદલવાની માગ ઘણા સમયથી કરવામાં આવી રહી હતી.
- આ પહેલા મહારાષ્ટ્રના ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરવામાં આવ્યું હતું.
- અહમદનગર જિલ્લાનું નામ બદલીને પુણ્યશ્લોક અહલ્યા (અહિલ્યા) દેવી હોલકર રાખવાનો નિર્ણય અહિલ્યાબાઈના વારસાને સન્માનિત કરવાનો છે.
- અહમદનગર મહારાષ્ટ્રના પશ્ચિમ વિસ્તારમાં આવેલું છે.
- મૌર્ય સમ્રાટ અશોકના સંદર્ભમાં આસપાસના વિસ્તારનો ઉલ્લેખ ઈ.સ. 240થી શરૂ કરીને તે કેટલાક અગ્રણી સામ્રાજ્યોનો એક ભાગ રહ્યો છે.
- મધ્યકાલીન સમયગાળામાં રાષ્ટ્રકુટ રાજવંશ, પશ્ચિમ ચાલુક્યો અને પછી દિલ્હી સલ્તનતે આ પ્રદેશ પર શાસન કર્યું છે.

## અહલ્યાબાઈ હોલકર

31 મે 1725ના રોજ અહમદનગરના ચોંડી ગામમાં ગામના વડા મંકોજી શિંદેના ઘરે જન્મેલા અહલ્યાબાઈ ભારતના કેટલાક મહિલા શાસકોમાંના એક હતા.

- તેઓ તેમના અદમ્ય સાહસ અને નેતૃત્વ માટે જાણીતા હતા.
- મલ્હાર રાવ હોલ્કરના પુત્ર ખાંડે રાવ સાથે લગ્ન કર્યા પછી અહલ્યાબાઈના જીવનમાં નવો વળાંક આવ્યો હતો.
- તેમના પતિના મૃત્યુ બાદ માળવાના રાજ્યનો હવાલો સંભાળ્યો હતો.
- અહલ્યાબાઈનું શાસન 1765 થી 1795 સુધી નોંધપાત્ર ત્રીસ વર્ષ સુધી ચાલ્યું હતું.
- તેમના શાસનકાળ દરમિયાન તેમણે નોંધપાત્ર વહીવટી અને સામાજિક સુધારા કર્યા, જે સમૃદ્ધિ અને વ્યવસ્થાના સમયગાળા તરફ દોરી ગયા છે.
- અહલ્યાબાઈ હોલ્કરના નોંધપાત્ર યોગદાન પૈકી એક હિંદુ મંદિરોના પુનઃસંગ્રહમાં તેમની સક્રિય ભાગીદારી હતી.
- તેમણે સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો.

**1.** ‘વિશ્વ સાયકલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 4 જૂન **(C)**

**2.** કયા વર્ષે સૌપ્રથમ ‘વિશ્વ સાયકલ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2017 (C) 2016 (D) 2015 **(A)**

**3.** તાજેતરમાં 21 મે થી 30 મે દરમિયાન જીનીવામાં ‘વિશ્વ સ્વાસ્થ્ય સભા’ અથવા ‘વર્લ્ડ હેલ્થ એસેમ્બલી’ નું કેટલામું સત્ર યોજાયું હતું ?

(A) 73મું (B) 74મું (C) 75મું (D) 76મું **(D)**

**4.** તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર અહમદનગર જિલ્લાનું નામ અહલ્યાબાઈ હોલકરના નામ પરથી રાખવામાં આવશે. આ અહમદનગર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) ઝારખંડ **(A)**



## ગુજરાત

### ➤ રાજકોટમાં વિશ્વના વિશાળ વૃદ્ધાશ્રમનો શિલાયન્સ



રાજકોટ–જામનગર હાઈવે પર રામપર પાસે રૂ. 200 કરોડના ખર્ચે વિશ્વનો સૌથી વિશાળ સદ્ભાવના વૃદ્ધાશ્રમ આકાર લઈ રહ્યો છે. જ્યાં 30 એકર જગ્યામાં નિરાધાર અને અશક્ત 2100 વડીલોની સુશ્રુષા થવાની છે. આ પ્રસંગે શ્રી મોરારી બાપુએ પણ હાજરી આપી હતી. 700 રૂમનો મોટો વૃદ્ધાશ્રમ બનશે. દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે. નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ દરેક માળે વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા પણ હશે.

## ભારત

### ➤ ભારત વિશ્વમાં કોફીનું છઠ્ઠુ સૌથી મોટું ઉત્પાદક




સ્ટેટિસ્ટા સાઈટ પરથી મળેલી નવીનત્તમ માહિતી અનુસાર બ્રાઝિલ (કોફીનું સૌથી મોટું ઉત્પાદક), વિયેતનામ, કોલંબિયા, ઈન્ડોનેશિયા, ઈથોપિયા અને હોન્ડુરાસ પછી ભારત વિશ્વમાં કોફીનું છઠ્ઠુ સૌથી મોટું ઉત્પાદક છે. દક્ષિણ ભારતીય કોફી મિશ્રણો તેમના સ્વાસ્થ્ય લાભો માટે તાજેતરના સમયમાં વધુ ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે, ખાસ કરીને દૂધ સાથે ચિકોરી અને કોફીની ભૂમિકાને પ્રકાશિત કરે છે. નોંધનીય છે કે દક્ષિણ ભારતીય કોફી મિશ્રણમાં કોફી અને ચિકોરી પાવડરનું મિશ્રણ હોય છે. આ મિશ્રણ અનન્ય સ્વાદ અને લાક્ષણિકતાઓથી ભરેલું છે. ચિકોરી યુરોપ અને એશિયાની સ્થાનિક વનસ્પતિ છે. તેમા ઈન્સ્યુલિન છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સ્ટાર્ચયુક્ત પદાર્થ છે.

➤ **શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુને બીજી વખત WHOના બાહ્ય ઓડિટર તરીકે પસંદ કરવામાં આવ્યા**



ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) શ્રી ગિરીશ ચંદ્ર મુર્મુને 2024થી 2027 સુધીના ચાર વર્ષના સમયગાળા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના એક્સટર્નલ ઓડિટર તરીકે બીજી ટર્મ માટે પસંદ કરવામાં આવ્યા છે. જીનીવામાં 76મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં માર્ચ 2023માં ILOના એક્સટર્નલ ઓડિટર તરીકે પસંદ થયા બાદ આ તેમનું બીજું મોટું ઈન્ટરનેશનલ ઓડિટ અસાઈમેન્ટ છે.

➤ **ઓડિશાની પાલુર કેનાલમાં 'ઈલ'ની નવી પ્રજાતિ મળી**



ભારતીય પ્રાણીશાસ્ત્રીય સર્વેક્ષણ (ZSI)ના વૈજ્ઞાનિકોએ ઓડિશાના ગંજમ જિલ્લામાં પાલુર નહેરમાં ઈલની નવી પ્રજાતિની ઓળખ કરી છે. પ્રાચીન ઓડિશાના નામ પરથી તેનું નામ સિયોડોનોફિસ કલિંગા રાખવામાં આવ્યું છે, તે ઈલ પરિવાર ઓફિકિથડે અને ઓર્ડર એંગ્યુલિફોર્મિસનું છે. તે દેખાવમાં સાપ જેવું છે અને તેની લંબાઈ 560 મિલીમીટરથી 7 મીટર સુધીની હોઈ શકે છે. આ શોધ ચિલ્ક લગૂન અને આસપાસ પાલુર કેનાલમાં કરવામાં આવી હતી.

➤ **મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (MTHL)**



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (MTHL) પર તેમની ખૂશી વ્યક્ત કરી હતી અને લોકો માટે 'ઈઝ ઓફ લિવિંગ'ના મહત્ત્વને વધારવા પર ભાર મૂક્યો હતો. MTHL જેને સેવરી–ન્હાવા શેવા ટ્રાન્સ હાર્બર લિંક તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક નોંધપાત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે જે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. તેના બાંધકામ સાથે MTHL 21.8 કિ.મી.નો 6–લેન એક્સેસ–કંટ્રોલ એક્સપ્રેસ ગ્રેડ રોડ બ્રિજ બનાવવાનું લક્ષ્ય રાખે છે, જે તેને ભારતનો સૌથી લાંબો દરિયાઈ પૂલ બનાવે છે આ બાંધકામ પૂર્ણ થતા સેવરી અને ચિર્લે વચ્ચેનો મુસાફરી સમય ઘટીને માત્ર 15 થી 20 મિનિટ થઈ જશે. જેના કારણે મુસાફરોને રોજબરોજના કામમાં રાહત મળશે.

# વિશ્વ

➤ **લંડનમાં ગ્લોબલ વેલ્થ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે**




ગ્લોબલ વેલ્થ કોન્ફરન્સ (GWC) લંડનમાં યોજાશે. કોન્ફરન્સ રોકાણકારો માટે રોકાણના ભાવિને ફરીથી નિર્ધારિત કરવા અને મહત્વપૂર્ણ રોકાણોના નિર્ણયો લેવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે. GWC 31 મેના રોજ શરૂ થવાનું છે, જેમાં વિશ્વભરના સહભાગીઓ સામેલ થશે. GWCની એક વિશેષતા એ નોંધપાત્ર ભારત–કેન્દ્રીત ફંડનું અપેક્ષિત લોન્ચિંગ છે. 10 બિલિયન ડોલરના રોકાણની સાથે અપેક્ષિત રકમ સાથે ફંડનો હેતુ ભારતીય બજારમાં નોંધપાત્ર મૂડીપ્રવાહ પેદા કરવાનો છે. આ જાહેરાતે નોંધપાત્ર ધ્યાન આકર્ષિત કર્યુ છે અને તે ભારતીય અર્થતંત્ર માટે રોકાણ વ્યૂહરચનાઓને આકાર આપશે તેવી અપેક્ષા છે.

➤ **દેડકા વિશ્વના  સૌથી ભયંકર પ્રાણી રોગથી મૃત્યુ પામી રહ્યા છે.**



છેલ્લા 40 વર્ષોથી 'Chytridiomycosis' અથવા 'Cytrid' નામનો વિનાશક ફૂગનો રોગ વિશ્વભરમાં દેડકાઓની વસતીને તબાહ કરી રહ્યો છે. જેના કારણે દેડકાની 90 પ્રજાતિઓ લુપ્ત થઈ ગઈ છે. તે વિશ્વના સૌથી ભયંકર વન્યજીવ રોગોમાંનું એક છે. ટ્રાન્સબાઉન્ડરી એન્ડ ઈમર્જિંગ ડિસીઝ નામના બહુરાષ્ટ્રીય અભ્યાસે રોગના તમામ જાણીતા સ્ટ્રેન્સને શોધવા માટે એક પદ્ધતિ વિકસાવી છે, જે ઉભયજીવી કાયટ્રિડ ફૂગને કારણે થાય છે. Cytrid દેડકાને તેમની ચામડીમાં સંક્રમિત કરીને અને પાણી તથા મીઠાના સ્તરને સંતુલિત કરવાની તેમની ક્ષમતાને અસર કરીને ચેપ લગાડે છે, જ્યારે ચેપનું સ્તર ઊંચું થઈ જાય ત્યારે તે મૃત્યુ પામે છે. છેલ્લા 40 વર્ષથી Cytrid દેડકાની વસતીને નષ્ટ કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયામાં સાત પ્રજાતિઓ સહિત 90 પ્રજાતિઓ નાશ પામી છે અને દેડકાની 500થી વધુ પ્રજાતિઓ ગંભીર રીતે જોખમમાં છે.

➤ **વૈશ્વિક ગુલામી સૂચકાંક 2023**

વોક ફ્રી ફાઉન્ડેશન દ્વારા એક નવો અહેવાલ 'ધ ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્સ 2023' વૈશ્વિક સ્તરે આધુનિક ગુલામીના વધતા વ્યાપને પ્રકાશિત કરે છે. આ રિપોર્ટ અનુસાર અંદાજિત 50 મિલિયન લોકો વર્ષ 2021માં કોઈપણ દિવસે આધુનિક ગુલામીનો ભોગ બન્યા હતા. 2016 પછી આ સંખ્યામાં 10 મિલિયન લોકોનો વધારો થયો છે. તેનો અર્થ એ થયો કે વિશ્વમાં દર 160 માંથી એક વ્યક્તિ આધુનિક ગુલામીનો શિકાર છે. તે 1000 લોકો દીઠ આધુનિક ગુલામીના અંદાજિત વ્યાપના આધારે 160 દેશોને રેન્ક આપે છે. સૌથી વધુ વ્યાપ ધરાવતા દેશોમાં ઉત્તર કોરિયા (104.6), એરિટ્રિયા (93) અને મોરિટાનિયા (79) છે જ્યાં આધુનિક ગુલામી વ્યાપક છે. સૌથી ઓછો વ્યાપ ધરાવતા દેશોમાં આઈસલેન્ડ (0.6), આયર્લેન્ડ (0.89) અને ન્યુઝીલેન્ડ (0.9) છે. જ્યારે ભારતમાં 8નો વ્યાપ છે.



1. કયા દેશે 'હાઈડ્રોજન પર G20 ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો'નો પ્રસ્તાવ મૂકયો છે ? – ભારત

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કોલોરાડો' નદી કયા દેશમાંથી વહે છે ? – અમેરિકા

3. કઈ સંસ્થાએ 'થ્રિવિંગ : મેકિંગ સિટીઝ ગ્રીન, રિસિલિઅન્ટ અને ઈન્કલુઝિવ ઈન એ ચેન્જિંગ ક્લાઈમેટ' શીર્ષકનો અહેવાલ બહાર પાડયો છે ? – વિશ્વ બેંક

4. તાજેતરમાં અંબાતી રાયડુએ IPLમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તે કઈ ટીમ સાથે સંકળાયેલ હતા ? – ચેન્નાઈ સુપર કિંગ્સ

5. તાજેતરમાં ઈટાલિયન કપ ફૂટબોલ ટૂર્નામેન્ટનું ટાઈટલ કોણે જીત્યું છે ? – ઈન્ટર મિલા

6. કયા દિવસના રોજ ગોવા રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 30 મે

7. ઉડાન 5.1 યોજના કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી ? – નાગરિક ઉડ્ડયન મંત્રાલય

8. કઈ સંસ્થાએ 'ટ્રાન્સપોર્ટ આઉટલુક 2023' બહાર પાડયું છે ? – ITF

9. ISRO અને ...........એ એકસ–રે પોલારિમીટર સેટેલાઈટ (XPoSat) નામના મિશનને લોન્ચ કરવા હાથ મિલાવ્યા છે. – રમણ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (RRI), બેંગ્લોર

10. કયા દેશે તાજેતરમાં તેનું સ્વદેશી સ્પેસ રોકેટ 'નુરી' લોન્ચ કર્યુ છે ? – દક્ષિણ કોરિયા

11. અરાકુ વેલી કોફી જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – આંધ્રપ્રદેશ

12. કયું શહેર 'કાવેરી 2.0' વેબ આધારિત પ્રોપર્ટી રજીસ્ટ્રેશન લોન્ચ કરવા જઈ રહ્યું છે ? – બેંગ્લોર

13. કયા દેશે લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'ખેબર' અથવા 'Kheibar'નું પરીક્ષણ કર્યુ હતું ? – ઈરાન

14. શ્રી નવીન પટનાયકના નેતૃત્વ હેઠળ ઓડિશા સરકારે તાજેતરમાં .............નામની યોજના બહાર પાડી છે. જેનો ઉદ્દેશ્ય નબળા મકાનોને પાક્કા મકાનોમાં બદલવાનો છે. – મો ઘરા યોજના (mo ghara)

15. 'રિવાર્ડ પ્રોગ્રામ' (REWARD Program) ભારતમાં કઈ સંસ્થા દ્વારા સમર્પિત છે ? – વિશ્વ બેંક

16. NTCA દ્વારા રચાયેલી ચિતા પ્રોજેક્ટ સ્ટીયરિંગ કમિટીના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રાજેશ બંસલ

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

17. કયા કેન્દ્રીય મંત્રાલયે 'નેશનલ મેડિકલ ડિવાઈસીસ પોલિસી 2023'નું અનાવરણ કર્યુ હતું ?

– આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

18. નમો શેતકરી મહાસન્માન યોજના કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર

(મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે આ નાણાકીય યોજના શરૂ કરી છે.)

19. તાજેતરમાં કયા દેશમાં 'Submarine mud volcano' જોવા મળ્યો હતો ? – નોર્વે

20. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગ્લોબલ પોલિયો ઈરેડિકેશન ઈનિશિયેટિવ (GPEI)ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ? – 1988

